Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ


# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૩૪ • તા. ૨૪ ઑગસ્ટ થી ૩૦ ઑગસ્ટ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## આદરભરી સ્મરણાંજલિ



### શ્રી સનત નરપાર શાહ

ગામ : મોટી સિંઘોડી - હાલ : સાયન, મુંબઈ

અરિહંત શરણ : તા. ૩૦-૮-૨૦૦૭

આદર્શોને વ્યવહાર બનાવતા વીતાવ્યું જીવન,
પત્રકારત્વથી સમૃધ્ધ કર્યું જ્ઞાતિનું સમાજજીવન
સ્વજનોને શીખવ્યું કેમ વિસ્તારવા સીમાંકન,
પુણ્યતિથીએ પાવન સ્મૃતિને સાદર વંદન !

માતુશ્રી દમયંતી સનત શાહ પરિવાર (મોટી સિંઘોડી - સાયન, મુંબઈ)

પ્રકાશ સમીક્ષા સમિતિ

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ગૌરવ



**કચ્છ યુવક સંઘ** નિર્મિત

છૂટાછેડાની સત્ય ઘટનાઓ પર આધારિત હૃદયસ્પર્શી સામાજિક કોમેડી...

## હુલે ત ગડો, નકાં ભર લડો !

કચ્છી કલાકારો દ્વારા અભિનીત નવા કચ્છી દ્વિઅંકી નાટકમાં

માત્ર ૧૬ વર્ષની ઉંમરે અભિનયના ઓજસ પાથરનાર

પ્રતિભાશાળી અભિનેત્રી તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરનાર



## ચિ. સિદ્ધિ

**મધુરીકા કિરણ ઘરમશી**

(ગામ તેરા – હાલ વડાલા)

ને

## હાર્દિક અભિનંદન...

ગૌરવાન્વિત થનાર...

KDO

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ**

BINITA SATISH MARU : 98690 34162

*Our Heartily Congratulations to...*

*all 3 heroes of our family......*



## Trushank

S/o Varsha & CA Girish Kanji Dand ( Lakhania - Wadala )

MS ( Masters ) in Computer Science ( May 2015 )

Rochester Institute of Technology (New York State - USA )

joined Cerner Corporation, USA

## Dwyani



D/o

Raksha & CA Kishore Kanji Dand

(Lakhania - Ville Parle )

passed ICSE 10th with 90.4 %

## Vishesh



S/o

Raksha & CA Kishore Kanji Dand

(Lakhania - Ville Parle )

IPCC ( CA Inter ) 63 %

Well done...
It's our proud
Our whole heartily Wishes
for your successful
Bright Future...

**Dand Family**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 34/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

## સંથારો એ અનિશ્ચિત સમય સુધી ચાલતા ઉપવાસ જ છે.

સંથારોએ જૈનોમાં પરંપરાથી ચાલી આવતી તપસ્યા વિધિનો જ એક પ્રકાર છે. આત્મહત્યા માટે કોઈ તપશ્ચર્યા કરે ?

આત્મહત્યાની છણાવટ કરતાં એક વસ્તુ સ્પષ્ટપણે જણાઈ આવશે કે તે ક્ષણિક આવેશમાં પોતાને મારી નાખવા માટે આચરવામાં આવતી એક પ્રક્રિયા છે. એને માટે બે-પાંચ મિનિટ કે બે-પાંચ કલાકનો સમય કાફી છે. વળી જે આત્મહત્યા કરે છે તે પોતાની માનસિક સમતુલા ખોઈ બેસે છે અથવા તો એમ પણ કહી શકાય કે માનસિક સમતુલા ખોઈ બેઠેલી વ્યક્તિ જ આત્મહત્યા કરવા પ્રેરાય છે. સ્વસ્થ મનની વ્યક્તિ આત્મહત્યા કરતી નથી. કોઈ ઝેરી દવા પીને, કોઈ ટ્રેન નીચે પડતું મૂકીને કે કોઈ અન્ય રીતે આત્મહત્યા કરે છે. આ બધી ઘટનાઓમાં દિવસો નથી લાગતા. ફક્ત મિનિટો કે અમુક કલાકોમાં જ તે પૂરી થઈ જાય છે.

હવે સંથારા વિશે. સંથારોએ આત્મહત્યા નથી. સંથારોએ સંપૂર્ણપણે ધાર્મિક તપસ્યા વિધિનો જ એક પ્રકાર છે. પર્યુષણ માં ઘણા જૈનો અઠ્ઠાઈ કે માસ-ખમણના ઉપવાસ કરે છે. જ્યારે સંથારામાં પણ અન્ન-જળનો ત્યાગ કરી અનિશ્ચિત સમય (દિવસો કે મહિના) સુધી ઉપવાસ કરવામાં આવે છે. દેહ છૂટે એટલે સંથારો પૂરો થયો (સીઝયો) એમ કહેવાય. આત્મહત્યા માટે કોઈ ઉપવાસ કરે એ કાયદાનું મારી-મચડીને કરવામાં આવેલું અર્થઘટન છે.

સંથારા માટેના ઉપવાસ ઉપર જો પ્રતિબંધ મૂકાય તો વખત જતાં અઠ્ઠાઈ કે માસ-ખમણ દરમ્યાન થતા ઉપવાસ ઉપર પણ પ્રતિબંધ લાદવાની કોશિશ થશે.

સંથારો કરનાર વ્યક્તિ સંપૂર્ણપણે ભાનમાં અને હોશ-હવાશમાં હોય છે. બધા સગા -સંબંધીઓની રજા લઈને બધાની વચ્ચે જાહેરમાં સંથારાની વિધિ શરૂ કરે છે. ધાર્મિક મંત્રોચ્ચાર સાથે જ્યારે આત્મહત્યા કરનાર વ્યક્તિ કોઈની રજા લેતી નથી તે એ એકાંત સ્થાન ઢૂંઢે છે. કોઈ જુએ નહિ એવી રીતે તે મરવાનો પ્રયાસ કરે છે. આત્મહત્યા કરનાર વ્યક્તિનું કુટુંબ દુ:ખી-દુ:ખી થઈ જાય છે, જ્યારે સંથારો કરનાર વ્યક્તિના કુટુંબની વ્યક્તિઓ હોંશે-હોંશે એને રજા આપે છે.

કોર્ટોએ આ બાબતમાં માથું મારવાની જરૂર નથી. ધાર્મિક બાબતોમાં દખલઅંદાજી કરવાથી જૈનોના હ્રદયને આઘાત પહોંચશે એ નક્કી છે.

જૈનો વેળાસર જાગૃત થાય.

ગાંધીધામ ૧૩.૦૮.૧૫ શામજી પદમશી છેડા.

## આંતરરાષ્ટ્રીય અંગદાન દિનની ઉજવણી
## કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિમાં જાગૃતિ આવી રહી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૩મી ઓગસ્ટના આંતરરાષ્ટ્રીય અંગદાન દિવસની ઉજવણી થઈ. આ દિવસે લોકો પોતે મૃત્યુ પછી અંગદાન કરશે એવા સંકલ્પ પત્ર પર હસ્તાક્ષર કરીને કરે છે. મને એ સંબંધી કાર્યકર ગણીને એ દિવસે અંગદાન બાબત

## જ્ઞાતિના યુવાનોને સારા જોબ અપાવવા વગદાર સજ્જનનો ઉત્સાહ

મુંબઈ અને બહારગામની કંપનીઓમાં સારી વગ ધરાવતા જ્ઞાતિના એક સજ્જન જ્ઞાતિના યુવાનોને ખાસ કરીને સીવીલ કે મેકેનીકલ એન્જીનિયરોને સારા જોબ અપાવવા સ્વેચ્છાએ જહેમત લેવાના છે. તેઓ ઓછું ભણેલા જ્ઞાતિ યુવાનોને પણ સારા રોજગાર અપાવી શકે તેમ છે. ઈચ્છુક વ્યક્તિઓએ હિરાચંદ દંડનો ઈ-મેલ hirachanddand@gmail.com પર કે ફોન નં 7738508150 પર સવારના ૧૧ થી બપોરના ૨ સુધી સંપર્ક કરવો.

જાણકારી માંગતા ઘણા ફોન આવ્યા એ વાતે ખુશી થઇ. થોડા સમય પહેલાં મેં પ્રકાશ સમીક્ષામાં વિસ્તૃત લેખ આપેલો. ચાલો આપણે આંતરરાષ્ટ્રીય અંગદાન દિનની સાર્થક ઉજવણીના ભાગરૂપે તેના મુખ્ય મુદ્દા ફરીથી જોઈ જઈએ. જેની કિડની ફેઈલ થઈ ગઈ હોય એવી વ્યક્તિની જિંદગીની કલ્પના કરી જુઓ. આમતો કિડની કંઈપણ ફરિયાદ કર્યા વગર રાત દિવસ શરીરની અશુધ્ધિ અલગ તારવવાનું કામ કરતી રહે છે પણ તે અટકે છે ત્યારે એ કચરો બહાર ફેંકવા માટે અવારનવાર ડાયાલીસીસ નામે ઓળખાતી તકલીફદાયી અને ખર્ચાળ સારવાર કરવી પડે છે. આ દરદીએ ક્યારેક તો અઠવાડિએ એક કે બે વખત આવવા જવાની તથા અન્ય ઘણી તકલીફ વેઠી શુધ્ધિ કરણની ડાયાલીસીસ નામની પ્રક્રિયા કરાવવી પડે છે.

એમની આ અવદશા જોતા એવું થાય કે આવા લોકોને આવી કાયમી તકલીફોમાંથી છુટકારો આપવાની કોઈ જ પધ્ધતિ નથી શું ?

પછી જાણકારી મળે કે તેમને દાતા પાસેથી નવી કીડની અપાવીને એ તકલીફોમાંથી છુટકારો અપાવી શકાય. જો કે તબીબી રીતે આમ કરવું શક્ય હોવા છતાં વ્યવહારિક રીતે બહુ થઈ શકતું નથી કેમ કે આપણામાં અંગદાન વિશેની વ્યવસ્થિત જાણકારી નથી હોતી. આપણે આ બાબત આપણા પૂર્વગ્રહોના ગુલામ રહીએ છીએ.

આપણે એવી જાગૃતિ કેળવવાની જરૂર છે કે અંગદાન કરીને આપણે મૃત્યુ પછીય કોઈને નવજીવન બક્ષી શકીએ છીએ અને આમ પણ મૃત્યુ પછીય આપણા અંગ કોઈને કામ આવવાના હોય તે છતાં ન આપવા એ વિચિત્ર પ્રકારનું સ્વાર્થીપણું નથી શું ?

ચાલો આંતરરાષ્ટ્રીય અંગદાન દિનની ભાવનાનોપડઘોપાડતાઆપણેયએમાટેસંકલ્પકરીએ.

અલ્પા ધરમશી, બૅંગ્લોર - મો.09945365319



| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of "C D O Prakash Samiksha Samiti" and payable at per at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at per મુંબઈ હોવો જોઈએ.


## કે.ડી.ઓ. સામાજિક સુરક્ષા યોજના

સંસ્થાની રજત જયંતિ નિમિત્તે અપાયેલું રૂ ૨૦૦/- નું કન્સેશન ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૧૫ના પુરું થશે. અત્યારે ફક્ત એક જ વખત રૂ.૨૦૦૦/- ભરી જ્ઞાતિજનો યોજનામાં જોડાઈ શકે છે. ઓક્ટોબર ૨૦૧૫થી રૂ.૨૨૦૦/- ભરવાના રહેશે. કે.ડી.ઓ.વેલ્ફેર એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભા મુલુંડ મધ્યે તા. ૩૦મી ઑગસ્ટ ૨૦૧૫ના રાખવામાં આવી છે. જનરલ બોડીના સર્વે સભ્યોએ પરિપત્ર (સરક્યુલર) મોકલવામાં આવ્યો છે. એપ્રિલથી જુલાઈ ૨૦૧૫ સુધીમાં નવા ૧૧૭ સભ્યો નોંધાયા છે. અત્યાર સુધી ૧૦૧૮૧ જ્ઞાતિજનોએ આ યોજનાનો લાભ લીધો છે. ૨૯૭ અવસાન પામ્યા છે. તથા ૨૩૮૯ રીટાયર છે. હાલ યોજનામાં ૭૪૯૩ સભ્યો છે. એક જ વખત રૂ.૨૦૦૦/- ભરી ૫૫ વર્ષની વય સુધી રૂ.૭૫,૦૦૦/- ના જીવનવિમા તથા વધારાના રૂ.૭૫,૦૦૦/- એ અકસ્માત વિમો કવર થાય છે. અન્યથા ૫૫ વર્ષ પછી નિયત બોનસ સાથે ડીપોઝીટ ની રકમ પરત થાય છે ગામેગામના મહાજનોને પોતાના ગામવાસીઓને આ યોજનામાં સાંકળી લેવા નમ્ર નિવેદન કરાવ્યું છે.

સંપર્ક : 8767753080 / 9833068881
Email:kdosss@yahoo.in

**ભૂલ સુધાર :** અંક નં ૩૩માં પાના નં ૧૯ (ત્રીજા કલર પેજ) પર સ્વ. પ્રેમચંદ મુલજી સોનાવાલાના સ્વજનો તરફથી ઋણ સ્વીકાર અંગેની જાહેરાતમાં તેમના પૌત્ર ચિ,ભાવિનના નામની પછવાડે (U.S.A.)છપાયું છે તે પ્રુફ રીડીંગની ભૂલ છે. ચિ.ભાવિન ભારતના જ નાગરિક છે અને મુંબઈમાં વ્યવસાયિક છે.

## પાલીતાણા જઈએ ત્યારે આપણે ત્યાં જ ઉતરીએ

આપણાં પવિત્ર પાલિતાણા ખાતે છેલ્લા અનેકાનેક વર્ષોથી શેઠશ્રી નરશી નાથા અને શેઠશ્રી કેશવજી નાયકને નામે જે ધર્મશાળા છે ત્યાં અત્યંત સુવિધાપુર્ણ યાત્રિકવર્ગને બધીય સવલતો મળી રહે છે.




ટ્રસ્ટીવર્ગ અને અધિકારીવર્ગ પણ અવારનવાર સ્થાનિક મુલાકાત લઈ યાત્રિકો માટેની સુવિધાઓ બાબત ચર્ચા કરી જોઈતા ફેરફારો કરતા આવે છે.

આજે અહીં ૧૬/૧૪ જેટલા એસી રૂમ વેલફરનીશ્ડ સેલ્ફ કન્ટેઈન્ડ રૂમો અને આધુનિક ટોઈલેટ વિગેરે ઉપલબ્ધ છે.મેનેજર, કર્મચારીવર્ગ, રસોડમાં સ્ટાફ અને સફાઈ કામદાર વિગેરે પણ વિનયી અને વિવેકી છે. કએન્ટીનમાં પણ દરરોજ વૈવિધતાપુર્ણ ભોજન, નવકાશી, ચા નાસ્તા વિગેરેની વ્યવસ્થા છે.

આ ત્રીસ જેટલા એસી વેલફેરનીશ્ડ રૂમોની સાફસફાઈ રાખી અપ ટુ ડેટ રાખવા પડે છે. ટ્રસ્ટી મહાશયોએ પણ ખૂબ સારી અંગત દેખરેખ રાખી ધર્મશાળાનું નામ દીપાવ્યું છે, ત્યારે આપણે આ બન્ને ધર્મશાળાઓ તળેટીથી દૂર છે, એ કારણ દર્શાવી તેમાં આપણો ઉતારો ના કરીએ તે યોગ્ય ના જ કહેવાય.

આપણા પૂર્વજોએ તે વખતે હજારો રૂપિયા ખર્ચી પાયાની સગવડતાઓ ઊભી કરી છે અને હાલના ટ્રસ્ટી સાહેબોએ લાખો રૂપિયા ખર્ચી અત્યંત આધુનિક સવલતો ઊભી કરી છે, ત્યારે આપણે ઉપરોક્ત સ્થળે ઉતારોકરી તેનો લાભ લઈએ. ત્યાં જ ધર્મધ્યાન, જાત્રા વિગેરે કરી પોતાના આત્માને નિર્મળ બનાવીએ.

ધર્મશાળાના પ્રાંગણમાં જ દેરાસરજી સેવાપુજા વિગેરેનો લાભ લઈ શકાય, તે માટે શિખરબંધ દેરાસરજી પણછે. મહારાજ સાહેબો માટે ઉતારા માટે ખુલ્લા વાતાવરણવાળું આધુનિક ઉપાશ્રય છે, જેથી દર્શનનો લાભ પણ યાત્રિકોનો સરળતાથી મળી રહે તેમ છે.

હવે સંકલ્પ કરીએ કે પાલીતાણામાં આપણે ત્યાંજ ઉતારો કરીએ.

- કુલીનકાંત ચાંપશી લુઠિયા

## પ્રકાશ સમીક્ષાના વિતરણ અને વસતિપત્રક

પ્રકાશ સમીક્ષાના પ્રકાશન વિતરણ તથા વસતિપત્રક બાબત કંઈક તાજેતરમાં પ્રxસ ના અંક નં ૨૯ (૨૦ July પાનું નં ૧૭ પર) પ્રxસ નાં વિવિધ ગામથી અંક પાછા આવ્યા છે. (પરત આવેલ છે) તેની નામાવલિ વાંચી જે ૧૦૦ ઉપરાંત ગ્રાહકોની નામાવલિ છે. આ અગાઉ પર મહિનો -દોઢ અગાઉ પણ આવી જ નામાવલિ પ્રગટ થઈ હતી. લગભગ એ જ નામ છે.

આ પરત ફરેલ અંક Westage of Postal Charges & Man hours ને ગુમાવવાનો અફસોસ કરવા કરતાં આવું ફરીવાર ન બને તે માટે સૌ એ સહિયારા પ્રયત્નો કરવા જ રહ્યા વાંચકોમાંથી કોઈક સારા સૂચન કરી શકે છે.

આ અંકમાં પાનું ૮ પર પ્રxસ માં છપાતી જાહેરાત તથા તેના માટેની બાકી રહેતી વસુલ કરવાની રકમની હકીકત જાણી બહુ આશ્ચર્ય થયું. એ ખરેખર ખેદજનક છે કે આ જાહેરાતોમાં ૯૫% થી વધારે માત્ર આપણા જ્ઞાતિજનો છે તેમનો જ્ઞાતિપત્ર માટે આવો શુષ્ક અભિગમ દુ:ખદ કહેવાય. તેપણ ગરજ સરી કે વૈદ્ય વેરી એ કહેવતને સાર્થક કરે છે! દોઢ લાખની રકમ માંડી વાળવી પડે એ ખરે જ


**જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું**
**સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ**

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત દુ:ખનો અનુભવ કરતા હોઈએ છીએ અને એમાંથી બહાર નીકળવા માટે અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ. તમારા દરેક પ્રશ્નના ઉત્તર તમારે જાતે મેળવવા હોય તો ...

વધુ વિગત જાણવા અને સમજવા તથા પોતાને પગભર થવા.
સંપર્ક :
**રૂપલ શાહ - 98339 96477**

કાઉન્સીલર, માઈન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્ષ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ ...

તા. ક.: ૬ સેશનમાં ટેરો કાર્ડ શીખો અને નિષ્કર્ષ કે નિર્ણય પર તમારી જાતે પ્હોચો (ગેરન્ટી સાથે).


**શ્રી અરિહંત કો-ઓપ.બેંક લી.**
જી બી ૧૦ એ / બી, કર્મસ્તંભ, એલ.બી.એસ.માર્ગ, વિક્રોલી (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૩ ફોન : ૨૫૭૯૯૩૨૦
Estd 1984

**નોટીસ**

આથી નોટીસ આપવામાં આવે છે કે બેંકની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર તા. ૦૪.૦૯.૨૦૧૫ના રોજ બપોરે ૩.૩૦ કલાકે શ્રી કાલીદાસ નાટય મંદીર, પી.કે.રોડ, મુલુંડ(વે) મુંબઈ - ૪૦૦ ૦૮૦ મધ્યે મળશે. જેમાં એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે બેંકની શાખાઓમાં મુકેલ છે. સર્વ સભ્યોનેહાજરરહેવા વિનંતી.

લી.શ્રી ખેતશી ડી.ખોના (ચીફ એક્ઝીક્યુટીવ)

ગંભીર બીના છે. આપણે સૌએ જોયું છે કે અન્ય એક પાક્ષિક પત્ર બે વર્ષના ગાળાની અંદર બંધ થઈ ગયું, જ્યારે પ્રxસ ૯૦ ની લાંબી મંજલ કાપી ચુક્યું છે. આશા છે કે સુજ્ઞ જ્ઞાતિજનોને વધારે કહેવાનું ન હોય !

જ્ઞાતિ વસતિપત્રક બાબતે અવારનવાર માહિતી પ્રગટ થતી રહે છે પણ સમિતિ તદન કુંભકરણ નિદ્રામાં પડેલ છે એમ લાગે છે. સમિતિ કોઈપણ ખુલાસો આપતી નથી તે પણ આશ્ચર્યજનક છે. સમિતિના એક સહૃદયને નાતે મેં પાંચેક વર્ષ અગાઉ એક મિટીંગમાં હાજરી આપેલ તેની કાર્યવાહી બાદ પરિણિત દીકરીઓની નામાવલિ ઉંમર ના હિસાબે ક્રમ છપાવી જોઈએ તેને બદલે તે ગમે તે રીતે - ઉપર/નીચે પ્રગટ થઈ છે તે બાબતે ચાર વિવિધ કુટુંબોની બહેન/દીકરીઓની નામાવલિ મેં સમિતિને મોકલેલ પણ સંતોષ જનક જવાબ હજુ સુધી મળ્યો નથી.

-પદમકુમાર નાગડા, હુબલી ૦૩.૦૮.૧૫

## અનંત આરોગ્યનિધિ, દેવલાલી

તાજેતરમાં ટ્રસ્ટબોર્ડથી મળેલ સભામાં પ્રમુખ શ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલાનું નિધન થતાં પ્રમુખ તરિકે શ્રી પારસ પદમશી મૈશેરી અને મંત્રીઓ તરિકે શ્રી રાજીવ લુઠિયા અને કલ્પના ધરમશી કાર્યભાર સંભાળશે.


।। શ્રી જખૌ મહાતિર્થાધિપતિ મહાવીર સ્વામીને નમઃ ।।

### શ્રી જખૌ રત્ન ટુંક દેરાસરજી અને તેના સાધારણ ફંડનું ટ્રસ્ટ

મુંબઈ ઓફિસ : કે/ઓ. કુલિન લાલજી મહેશ્વરી
૧૮/સી, મમતા કો.ઑપ હૉ.સો.લિ., એલ.બી.એસ.માર્ગ, મુલુંડ(પ)
મુંબઈ -૪૦૦ ૦૮૦
મોબાઈલ : 09820198823 ફોન : 022-2567 6493

**અષ્ટપ્રકારી પૂજાના નકરા**

**ભાદરવા સુદ સાતમ સં.૨૦૭૧ થી ભાદરવા સુદ સાતમ સં.૨૦૭૨ સુધી એક વર્ષ માટે**

| | | |
|---|---|---|
| મોર પીછી પૂજા | - | ૪૦૦૦/- |
| વાસક્ષેપ પૂજા | - | ૫૦૦૦/- |
| પક્ષાલ પૂજા | - | ૫૦૦૦/- |
| અંગલુછણ પૂજા | - | ૫૦૦૦/- |
| કેશર ચંદન પૂજા | - | ૭૦૦૦/- |
| ફૂલ પૂજા | - | ૪૦૦૦/- |
| ધૂપ પૂજા | - | ૪૦૦૦/- |
| અખંડ દીપક પૂજા | - | ૧૧૦૦૦/- |

જે ભાગ્યશાળી લાભ લેવો હોય તે વહેલા તે પહેલા ધોરણે
મેનેજીંગ ટ્રસ્ટી
**કુલિન લાલજી મહેશ્વરી : 09820198823**
**શ્રી જખૌ દેરાસર ઓફિસ : ૦૨૮૩૧-૨૮૭૨૨૪**
**પર સંપર્ક કરવા નમ્ર વિનંતિ**


## હૃદયના દ્વારે ભાવભરી સ્મરણાંજલિ







**સ્વ.રતિલાલ રૂપશી લોડાયા**
**સ્વર્ગવાસ:૧૪.૦૧.૨૦૧૦**

**સ્વ.સુશીલાબેન રતિલાલ લોડાયા**
**સ્વર્ગવાસ: ૨૩.૦૮.૨૦૧૪**

ક્ષણે ક્ષણે જેમના અસ્તિત્વનો અહેસાસ થાય તે માં-બાપ......
એવા શબ્દો જેમાં અમારી સમગ્ર દુનિયા સમાયેલી છે તે છે માં-બાપ...
સુતા પહેલાનો આખરી અવાજ અને ઊઠાડવા માટેનો પહેલો અવાજ
એટલે કે આજના જમાના માં ફોન......માં-બાપનો જ હોવો જોઈએ
પિતાના સાનિધ્યમાં માતાનો અહેસાસ થાય પણ
માની ખોટ પૂરી કરવી એ તો દેવ માટે પણ અઘરુ છે.
દેવરૂપી માતા-પિતાના આત્માને પરમશાંતિ મળે એ જ પ્રાર્થના
તમારા દિવ્ય આશિર્વાદના અભિલાષી
**શા.રતિલાલ રૂપશી લોડાયા (ભાભાવારા) સમસ્ત પરિવાર ના જય જિનેન્દ્ર**
**મોટી ખાવડી (ડોંબિવલી)**



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઇચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન :** પાંચમની આરાધના કરનાર વ્યક્તિ સુદિ પાંચમના ભૂલી જાય તો વદિ પાંચમના આરાધના કરી શકાય કે નહિં ?

**ઉત્તર :** પાંચમની આરાધના જ્ઞાન માટે છે. જ્ઞાન પંચમીની આરાધના સુદિ પાંચમના જ થાય, કારણ સુદિ પાંચમ એ જ્ઞાનની તિથી છે. સુદિ પાંચમ ભૂલી જવાય તો મૂળ માર્ગથી પાંચમ તુટિ જાય છે, ફરીથી કરવી પડે છે.

**પ્રશ્ન :** વીસસ્થાનક તપની આરાધના એકાસણાથી થઈ શકે ?

**ઉત્તર :** વીસસ્થાનક તપ તીર્થંકર નામકર્મ બંધાવનાર શ્રેષ્ઠ કર્મ છે. એની આરાધના ઉપાવાસથી જ કરવી જોઈએ. મૂળ વિધિ પણ ઉપવાસથી જ કરવાનો છે. પરંતુ હાલ આયંબીલ - એકાસણાથી કરવાનો વ્યવહાર ચાલે છે.

**પ્રશ્ન :** આગમ એટલે શું ?

**ઉત્તર :** સામાન્ય અર્થથી જિનશાસનના પ્રમાણભૂત શાસ્ત્રો આગમના નામે ઓળખાય છે. આગમ શબ્દમાં આ ઉપસર્ગ સાથે ગમ્ ધાતુ છે.

'આ' એટલે 'પૂર્ણ' અને 'ગમ્' એટલે 'પ્રાપ્તિ' જેનાથી વસ્તુતત્વનું સંપૂર્ણ જ્ઞાન થાય તે આગમ કહેવાય છે. તીર્થંકર પરમાત્માને ગણધર ભગવંત પૂછે - કિં તત્તં ? તત્વ શું છે ? ત્યારે તીર્થંકર પરમાત્મા ગણધરોને ત્રિપદિ આપે - (૧) ઉપનેઈ વા (૨) વિગમેઈ વા અને (૩) ધુવેઈ વા. આ ત્રિપદિ સાંભળી ગણધર ભગવંત વ્દાદશાંગી એટલેજ બાર અંગ સૂત્રોની રચના કરે છે. પરમાત્માની દેશનાને સૂત્રમાં ગુંથવાનું કાર્ય ગણધર


|| શ્રી શાંતિનાથાય નમો નમઃ ||

SILVER JUBILEE YEAR 2015 — GROUP 25 YEARS

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ

૨૦૧, મેરાથોન મેક્સિમા, એલ. બી. એસ. માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

આયોજિત

# સગપણ સંમેલન - ૨૦૧૫

**: સંમેલન દિન :**
**શનિવાર, તા. ૨૬-૯-૧૫**
બપોરના ૨.૩૦ કલાકે

**: સ્થળ :**
શેઠશ્રી નરશી નાથા સભાગૃહ
A/C હોલ, ભાંડુપ (વે)

**ફોર્મ પ્રાપ્તિ સ્થાન**
201, મેરાથોન મેક્ઝીમા એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મુંબઈ - 80
13-એ, અનંતદીપ ચેમ્બર, 273/277, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બઝાર, મસ્જીદ બંદર

**સર્વ ક.દ.ઓ. જ્ઞાતિજનોને આમંત્રણ આપીએ છે.**

આપ આપના દિકરા-દિકરીઓને આ સગપણ સેતુમાં જરૂરથી જોડાવજો, સગપણ સમસ્યાને નિવારવા કંઈક અનોખુ સંમેલન યોજેલ છે. સર્વને પોત-પોતાના જીવનસાથીની ચોઈસ મળી શકે એવા CA ડૉક્ટર, એન્જીનીયર, બીઝનસમેન, પ્રોફેસનલ એવા સર્વ છોકરા-છોકરીઓએ ફોર્મ ભરેલ છે. અને હજી પણ કોઈ સંકોચ ન કરી વહેલામાં વહેલા નીચેના કાર્યકરોને કોન્ટેક કરી વધુને વધુ ફોર્મ ભરી આ અનોખો સગપણ સમેલનમાં ભાગ લેજો.

**નોંધ :** આ સગપણ સેતુમાં આંતરજ્ઞાતીય જૈનેતર કન્યાઓ પણ ભાગ લઈ શકે એ માટે સંસ્થા દ્વારા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે અને વધારેમાં વધારે સગપણ થાય અને સમાજની સમસ્યા તથા વડીલોની ચિંતા દુર કરવાનું સામુહિક પ્રયાસ છે.

**: સંપર્ક :**
ગોંવિદજી પટેલ (મુલુંડ) . . 9820540949
કિરણ દંડ (ભાંડુપ/મુલુંડ) 9833808244
વિરેન્દ્ર લોડાયા (મસ્જીદ) . 9821073830
હરીશ શિયાલ (ડોંબીવલી). 9702854854
ચાંદની લાલકા (વાશી). . . 9833225053
વિપુલ પટેલ (મુલુંડ). . . . 9892199197
હેમંત મોતા (લોનાવલા) . . 9370710891
પ્રબોધ મુનવર (કચ્છ) . . . 9925169876
વિપુલ લોડાયા (ભાંડુપ) . . 9820885717
મીઠીબાઈ દંડ (કાંજુરમાર્ગ). 8080443344
ગુણવંતીબેન મોતા (મુલુંડ) 9619125720
મીના દંડ (વાપી). . . . . . 9727664203
રાજેન્દ્ર ડાઘા................9833004496

**લિ. શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ**

ભગવંત કરે છે. એ સૂત્રો આગમના નામે ઓળખાય છે. જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ પિસ્તાલીસ આગમ માન્ય રાખે છે, જ્યારે સ્નાથકવાસી સંઘ બત્રીસ આગમને જ માન્યતા આપે છે.

**પ્રશ્ન : આગમ કઈ ભાષામાં છે ?**

ઉત્તર : આગમ અર્ધમાગધિ ભાષામાં છે. અર્ધ માગધિ ભાષા માગધિ અને દેશી ભાષાનું મિશ્રણ છે. સામાન્ય માનવી, સ્ત્રી અને બાળકો પણ સમજી શકે એવી સરળ ભાષા છે. દેવો પણ અર્ધ માગધિ ભાષામાં બોલે છે.

**પ્રશ્ન : 'શ્રુત પુરુષ' અથવા 'આગમ પુરુષ' એટલે શું ?**

ઉત્તર : તીર્થંકર પરમાત્મા પાસેથી ત્રિપદિ મેળવીને ગણધર ભગવંતો દ્વાદશાંગીની એટલેજ દ્વાદશ (બાર) અંગ (સૂત્ર)ની રચના કરે છે. અહિં સૂત્ર માટે જે અંગ શબ્દ યોજવામાં આવ્યો છે તે હેતુપૂર્વક છે. પુરુષના પણ મુખ્ય બાર અંગ હોય છે જિન શાસનમાં પણ બાર મુખ્ય અંગ (સૂત્ર) છે. આ બન્નેનો સમન્વય કરીને એક 'આગમ પુરુષ' કે 'શ્રુત પુરુષ'ની કલ્પના કરવામાં આવી છે. પુરુષના એક એક અંગસ્થાને એક એક સૂત્ર ગોઠવવામાં આવ્યું છે. આ રચના નીચે મુજબ છે -

| **પુરુષ અંગ** | **અંગ (દ્વાદશાંગી સૂત્ર)** |
|---|---|
| ૧) જમણો પગ | આચારાંગ |
| ૨) ડાબો પગ | સૂત્રકૃતાંગ |
| ૩) જમણી જાંઘ | સ્થાનાંગ |
| ૪) ડાબી જાંઘ | સમવાયાંગ |
| ૫) જમણો સાથળ | ભગવતી (વિવાહ પ્રજ્ઞપ્તિ) |
| ૬) ડાબો સાથળ | જ્ઞાતાધર્મ કથા |
| ૭) પેટ | ઉપાસકદશાંગ |
| ૮) પીઠ | અંતકૃતદશાંગ |
| ૯) જમણો હાથ | અનુત્તરોપપાતિક |
| ૧૦) ડાબો હાથ | પ્રશ્ન વ્યાકરણ |
| ૧૧) ગ્રીવા (ગળું) | વિપાક સૂત્ર |
| ૧૨) મસ્તક (માથું) | દૃષ્ટિવાદ |

**પ્રશ્ન : દેરાસરમાં ભગવાનની ઉપર કોઈનું નામ લખાય કે નહિં ?**

ઉત્તર : દેરાસરમાં પ્રતિષ્ઠા કરેલા પ્રતિમાજીની નીચે પલાંઠીમાં ભગવાન ભરાવનાર એટલે અંજન શલાકા કરાવનારનું નામ હોય છે. આ રીત પરંપરાથી ચાલતી આવે છે. પરંતુ પ્રતિમાજીની ઉપર (ભીંતપર) પણ ભગવાનનુંજ નામ હોઈ શકે. કોઈ શ્રાવક-શ્રાવિકા કે પૂ. આચાર્ય ભગવંતાદિનું નામ ન લખાય.

**પ્રશ્ન : દેરાસરમાં ઘણી જગ્યાએ પ્રતિમાજીની નીચે ભરાવનાર - પ્રતિષ્ઠા કરાવારનાદિના નામ લખેલા જોવા મળે છે. તે યોગ્ય છે ?**

ઉત્તર દેરાસરની અંદર પૂ. આચાર્યાદિ કે શ્રાવક-શ્રાવિકાદિના નામ ન લખાય તે વધારે યોગ્ય છે. દેરાસરના બહારના પરિસરમાં યોગ્ય જગ્યાએ બધાની યાદિ લખી શકાય છે. ઘણીવાર દર્શનાર્થીઓ પ્રભુ દર્શનના આનંદને પામવાને બદલે નામોમાં અટવાઈ જાય છે. પ્રભુ દર્શનથી પ્રાપ્ત થતી કર્મ નિર્જરા કે પુણ્યાનુબંધી પુણ્યના મોટા લાભને ગુમાવી બેસે છે.

## જીવનનાં સાત પગલાં

૧) **જન્મ :** એક અમોલ સોગાદ છે, જે ભગવાનની ભેટ છે.

૨) **બચપણ :** મમતાનો દરિયો છે, પ્રેમથી ભર્યો છે, એમાં જે ડૂબ્યો તે તર્યો છે.

૩) **તરુણાવસ્થા :** વિચારો અને આશાઓનો પહાડ છે. મેળવવાની અનહદ આશા અને લૂંટવાની તમન્ના છે. તરુવણાવસ્થા એટલે તરવરાટ, થનગનાટ અનેક નવી મૂંઝવણો.

૪) **યુવાવસ્થા :** બંધ આંખોનું આંધળું સાહસ જેમાં જોશ, ઝનૂન, ફનાગીરી અને ઉમીદો છે, કુરબાન થવાની આશા છે.

૫) **પ્રૌઢાવસ્થા :** પોતાના માટે નહીં, બીજાને માટે કાંઈ કરી છૂટવાની ખુશી છે. ખાધા કરતા ખવડાવવાની ખુશી છે.

૬) **ઘડપણ :** વીતેલા જીવનના સરવાળા-બાદબાકી છે. જેવું વાવ્યું તેવું લણવાનો સમય છે. આદર્શ જીવન જીવવા માટેનો શ્રેષ્ઠ અવસર છે.

૭) **મરણ :** જિંદગીના ચોપડાના પાનાં ખુલ્લાં થશે, ધર્મ-કર્મનો હિસાબ થશે. નાડીએ નાડીએ કર્મ તૂટશે, પાપ-પુણ્યનો મર્મ ખુલશે. સંતતિ અને સંપત્તિની માયા છૂટશે. જીવ બંધન-મુક્ત થશે. આમ સાત પગલાં પૂરાં થશે.

સંકલન : શાહ મધુકાંત વિશનજી, ઘાટકોપર

**સાંગલીમાં ડેન્ટલ ક્લિનિક :** પ્રકાશ સમીક્ષાના અંક નં. ૩૦ પાના નં. ૪ પર પ્રગટ થયેલ સાંગલીમાં ડેન્ટલ ક્લિનિકના સમચારા માં તેનું નામ યુ. કે. લક્ષ્મી ડેન્ટલ ક્લિનિક હસ્તે સૌ. ખમા ઉત્તમ કલ્યાણજી ખોના-કચ્છ કોઠારા ઉમેરીને વાંચવું.


**ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ**

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) ● કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

**યુ. કે. ખીમજી એન્ડ કાં.** હળદર - જનરલ વ્યાપારી

વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## WHY KDO GLOBAL SUMMIT ON IT AND EMERGING BUSINESSES? - PART 2

**Tilakchand Koovarji Lodaya,** Chennai. (ourbrotherhood@yahoo.co.in; +91 99406 36646)

### AS TO THE NEED and BENEFITS OF ATTENDING THE SUMMIT :

AS TO ORGANISATIONAL : **All youngsters expressed that it should be cost effective and result oriented event with emphasis on professionalism and present useful related subjects without any pomp and display of wealth.** The organisers fully agree with this view and will totally follow and implement this trend setting prerequisite.

AS TO AMBIENCE : **Many youngsters desired that they would like to attend the event if it has international and professional environs.** Keeping this realistic requirement we have selected a conventional hall of NIMHANS, which is rated as one of the best in the start-up hub and the garden city of Bengaluru.

AS TO NETWORKING : **All the youngsters desired that it should provide a god opportunity of building lasting social relationships and networking.** The purposeful community meetings are no mere gatherings; they are a cord that binds us to our roots.


AS TO MAINTAINANCE OF TIME SCHEDULES: **All the proposed participants highlighted that time schedule to be adhered to.** Surely. For the maximum utilisation of the available time of 30 hours for the purposes of the Summit only. The participants will have to have breakfast in their respective places. The sessions on day two will start at 9 a.m. To save time the speakers will be requested to use, power point presentation.

AS TO SUBJECTS : **The participants expressed their view that we should not stray away from the main subject.** The subjects will be categorised in sectorial capsules like IT, Start-ups and finance; emerging businesses; Inspiring KDOs; Open house; Socialising & Net working etc.

AS TO START-UP ECO-SYSTEM : **The youngsters expressed that what they always wanted to know and did not know whom to ask about the start-up space.** Special sessions have been earmarked on this subject and an expert and experienced faculty is sourced from this sector. If we are able to raise funds for at least one start-up during the summit, after due diligence, it will provide a kick start to this Summit. So the participants having any start-up on the anvil or a functioning start-up, they should forward their details to the organising Mahajans for necessary groundwork, including due deligence.

As to ENTREPRENEURSHIP : **Many elders and youngsters told that though our community people were employment generators in the past, nowadays many of our youngsters have become employment seekers. Can or should something be done about it?** True. This is one of the main purposes of this summit. This Summit will provide an opportunity to get


Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

રીયલ બટ કસબની સાડી બોર્ડર પીટ્ટા તાર ભરતની સાડી
કસબ અને જીક કસબની સાડી પારસી વર્ક
બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
પાનેતર બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**



॥ ૐ સહજાત્મસ્વરૂપ પરમગુરુ ॥

**લાપસીયા કુટુંબ**

**નું આમંત્રિત મહેમાનોને ભાવભર્યું નિમંત્રણ**

**સહર્ષ જણાવવાનું કે માતુશ્રી સોનબાઈ પદમશી લાપસીયા** (ગામ કોઠારા), હાલ મુલુંડ દ્વારા શ્રી શત્રુંજય તીર્થધામ (શહાપુર) માનસ મંદિરની કુટુંબ જાત્રા તથા ભક્તને અમર બનાવતા ''શ્રી ભક્તામરસ્તોત્ર'' મહાપૂજનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

**❖ કાર્યક્રમની રૂપરેખા ❖**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૩૦/૮/૨૦૧૫ |
| વાર | : | રવિવાર |
| તીથી | : | શ્રાવણ વદ એકમ |
| પુજન સમય | : | બપોરના ૧૨ થી ૫ |
| બસ પ્રયાણ | : | સવારના ૮.૦૦ વાગે |
| મુલુંડથી | : | ગોશાળા રોડ, મુલુંડ (વેસ્ટ). સંપર્ક : 93239 66137 |
| ડોંબીવલીથી | : | સંતોષીમાં મંદિર અપૂર્વ હોસ્પિટલની નજીક, કોપર રોડ, ડોંબીવલી (વેસ્ટ). સંપર્ક : 96997 81284 |

**ખાસ નોંધ : આમંત્રિત મહેમાનોને સમયસર પહોંચવા નમ્ર વિનંતી.**

acquainted with potential mentors covering business financial, legal and technical aspects of growing. This will help our youngsters to build IT firms and develop their enterprises;

AS TO FORMATION OF A DIGITAL COMMUNITY : **Wise KDOs desired that we may fruitfully use our existing resources in the form of data of Vastipatrak to form a model digital community.** Shri Kiritbhai Shah of Mumbai has many ideas about the doability of this. He will give a presentation on this. He has a vision to use this resource as a source of generating income for future projects of this nature.

AS TO INVESTMENT OPPORTUNITIES : **If changes are going to disrupt our businesses, what are the alternative sources of investment?** A session on this subject will be delivered by share market experts from our community.

AS TO THE MANAGEMENT OF THE SOCIAL INSTITUTIONS: **The seniors voiced that this technology may be applied in the management of our social institutions.** It will be highlighted in the summit.

AS TO THE CHALLENGES AHEAD : **What about the road ahead?** This Summit attempts to provide you glimpses of the shape of things to come and SEE TOMORROW TODAY.

AS TO JUST PARTICIPATION : **Should one just participate?** It is left to you to convert any situation in to an opportunity and benefit from it. Keep your mind open.

AS TO FINAL OUTCOME : **All the social entrepreneurs I met uniformly expressed their concern that the event should have some concrete outcome.** Keeping in mind this valid concern the SMART COMMUNITY NITI – UDAAN has been prepared. This social start-up will be launched on 9th of January, 2016 at the Summit.

## ભદ્રેશ્વર તિર્થ પાસેના ઢેડાણ તળાવનું નવીનીકરણ

તિર્થ ભદ્રેશ્વરથી અર્ધા કિલોમીટરથી ઓછા અંતરે ગામથી ઢેડાણ નામનું તળાવ છે. તળાવ ૧૧ પગથી ૫૧વાળી શેલોર વાવ છે. આ તળાવ વાવની અનેક વર્ષોથી સફાઈ સુધારણ થઈ ન હોતી જેથી વ્યાવળની ઝાડીઓ પદર ગાળ માટો કચરો ભરાઈ જવાથી એમાં વિશેષ પાણીની આવ થતી નહોતી.

કચ્છની અનેક સેવાભાવી સંસ્થાઓને આ કાર્ય કરી આપવા વિનંતી પત્રો મોકલ્યા ત્યારે વાત બની ટેકટ્રરો થી સતત બાવીસ દિવસ આ કાર્ય અવિરીત ચાલુ. તળાવની સફાઈ થઈ તેમજ ઊંડાઈ વધી. આજૂ બાજૂના પારાઓ ઉભા થયા. જેથી વર્ષાના પાણીનો સંગ્રહ વધશે. તળાવના પારાઓ ઉપર કુદરતી રિતે મોટા પાયે વૃક્ષો ઉગાડવાના પ્રયત્ન કરેલ છે. આ કાર્યમાં શ્રી તારાચંદભાઈ છેડા તેમજ સેવાભાવી જલધારા સંસ્થાના એંજીનીયર શ્રી જયેશભાઈ લાલકાનું માર્ગદર્શન મળેલ.

**– તેજકુમાર જૈન (નાગડા),** ભદ્રેશ્વર

## સૌજન્યપૂર્ણ વ્યવહારથી જીવનની સાર્થકતા

આજનું જીવન વ્યસ્ત અને તણાવપૂર્ણ છે. યુવાનો, વૃદ્ધો, સ્ત્રી, પુરૂષ ધંધાદારી, નોકરિયાત – ગરીબ કે અમીર દરેક વર્ગની દરેક સ્તરની વ્યક્તિઓ તણાવગ્રસ્ત છે. કુટુંબ, ઓફિસ, ધંધા કે સામાજીક કે અર્થિક વ્યવહારોમાં વ્યક્તિ બીજાની ભૂલો જોઈ ટક ટક કરે છે. ટકટકીયો સ્વભાવ શાંતિથી જીવવા દેતો નથી. એના થી પુણ્ય ખલાસ થઈ જાય છે. વૃધ્ધાવસ્થામાં સુખેથી જીવવું હોય તો યુવાનીથી જ અનાસક્ત ભાવો કેળવી મૌન જામવતા શીખવુ જરૂરી છે, તેથી વ્યર્થ રીતે શક્તિ ખરચાશે નહી.

આપણા સદ્ગુરૂઓએ સુખી જીવન માટે વ્યવહારમાં મુકી શકાય તેવા સરળ માર્ગ દર્શાવ્યા છે. ૧) આનંદમાં રહો. સમાધાનથી જીવ આનંદમાં રહે છે. સંઘર્ષથી જીવ વ્યથિત રહે છે. ૨) સતત બોલબોલ ન કરવું જોઈએ. અવસરોચિત ઓછું અને પ્રિય બોલી ખસી જવુ જોઈએ. કેમ કે you can guide others but can't disturb others. જરૂર જણાયે બીજાને માર્ગદર્શન આપી માનવીય ફરજ પૂરી કરો. ત્યાર પછી, તે વ્યક્તિ તમારા guidance ને અનુસરે છે કે નહીં – તેવી દખલગીરી કરવી યોગ્ય નથી. બીજાના જીવનમાં અનાધિકાર ચેષ્ટા શા માટે કરવી ? ૩) કર્તવ્યનું પાલન કરી, ફરજ પાળી, સંતુષ્ટ થવું. ફરજ પાલન વ્યક્તિના હાથની વાત છે, પરંતુ અધિકારો મેળવવાની અપેક્ષા રખાય નહીં. એના માટે ૧) આપણુ પુણ્ય જોઈએ ૨) સામી વ્યક્તિની પાત્રતા જોઈએ. આ બનેં બાબતો પરાધીન છે. પુણ્ય કરવું સ્વાધીન છે. પરંતુ સામી વ્યક્તિની પાત્રતા આપણને આધીન નથી. તેથી અધિકારોની જમાવટમાં પ્રયાસોમાં શક્તિ વેડફવી એ મૂર્ખાઈ છે. એના બદલે સ્વશક્તિથી સારી રીતે ફરજ પાળી આત્મિક કલ્યાણ પ્રાપ્ત કરાય.

આત્મ નિરીક્ષણ કરતાં એમ લાગે છે કે આપણું મન ઈર્ષ્યા અને ક્રુરતાથી ભરેલું છે. સ્વાર્થી મન એવું વિચારે છે કે જો હું બીજાને સુખી કરવાનાં પ્રયાસોમાં લાગી જાઉ – તો કરતાં કદાચ એ મારા કરતાં પણ વધુ સુખી થઈ જાય – તેથી મારું તો કાંઈ મૂલ્ય જ ન રહે. મારી પ્રગતિના કાર્યોમાં હું ઉત્સાહિત હોઉં તે યોગ્ય છે કારણકે એમાં મારી સફળતા છે. પણ બીજાના કાર્યોમાં એવો જ ઉત્સાહ દાખવી એમ સફળતા અપાવવી–એ મારા અહંકારની દષ્ટિએ બેવકુફી છે મારો અહંકાર, ઈર્ષ્યા અને ક્રુરતા–મને મહનતારૂપી મધુરતાથી દૂર રાખે છે. અહંકારી મન આવી સમજી શકાય તેવી બાબતથી પણ મને દૂર રાખે છે.

જો મનની ઉદારતા કેળવાય તો હું, મારું કુટુંબ – મારો સમાજ એ આખું એક શારિરીક માળખું છે. જો ઠોકર વાગે તો બંને હાથ – આંખો તથા આજુ બાજુથી જતા આવતાં જણીતા–અજાણ્યા સૌ મારી મદદે દોડી આવે છે. તે વખતે તેઓ સૌં મારા પોતાના જ લાગે છે. સમાજ રૂપી શારિરીક માળખું તેના સભ્યો શરીરના અંગો બનીને ઉપયોગી થાય છે. આનો અર્થ રોજ કે જ્યાં ‘‘મારાપણા’’નો ભાવ જાગી જાય ત્યાં ઉત્સાહ હાજર થઈ જાય છે. અહંકાર, ઈર્ષ્યા, ક્રુરતા રવાના થઈ જાય છે. સ્વ–અને પરના સબંધો પ્રેમથી ખીલી ઉઠે છે. જીવનની આ મધુરતા આપણને અને સૌને સુખી કરે છે.

**– શાહ નટવરલાલ રાઘવજી (નાગડા), વડોદરા**

## 'બાળ-ઘડતરની બારાખડી...'

☆ **સંતાનને ભૂલશો નહી :** 'પુનિત મહારાજનું એક જાણીતું ભજન છે : **'ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહી. અગણિત છે ઉપકાર એમના, એહ વિસરશો નહીં.'**

આ પંક્તિઓમાં સાધારણ ફેરફાર કરીને એમ કરી શકાય કે...

**'ભૂલો ભલે બીજું બધું, પણ સંતાનને ભૂલશો નહીં,**
**પ્રભુનું પ્રતિબિંબ છે, એને વિસરશો નહીં...'**

મા-બાપનું મહત્ત્વ તો વારંવાર ગાવામાં આવે છે; ને મા-બાપે જાતે જ પોતાને પ્રમાણપત્ર આપી દીધું છે! પરંતુ ખરું મહત્ત્વ તો બાળકનું છે, કેમ કે એ આવતી કાલની આશા છે. રાષ્ટ્રનું ભવિષ્ય છે, માટે બાળકનો યોગ્ય રીતે ઉછેર થવો ઘટે.

જાણીતા લેખક દર્શક સાચું જ કહે છે : **''સંતાનનો જન્મ આપવો એ કંઈ ગૌરવની વાત નથી, પરંતુ એમને સારી રીતે ઉછેરવાં એ ગૌરવની વાત છે. સંતાનનો જન્મ તો પશુ-પક્ષી પણ આપે છે.**

☆ **દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ રાખશો નહીં :** આપણા શાસ્ત્રોમેં, લેખોમાં, પ્રવચનોમાં દીકરીની, નારીની પ્રશંસા ખૂબ કરવામાં આવે છે. એને દેવી, મહાદેવી વગેરે ઉપમા આપીને એનાં અતિશય ગુણગાન ગાવામાં આવે છે. પરંતુ હકીકત શી છે? હકીકતમાં આજ પણ દીકરી અળખામણી છે. સાપનો ભારો છે. અગાઉ એને દૂધપીતી કરવામાં આવતી હતી. આજે ધરતી પર અવતરે એ પહેલાં જ એની હત્યા થાય છે.

વાસ્તવમાં દીકરા કરતાં દીકરીઓમાં કેટલીક અનેરી વિશિષ્ટ શક્તિઓ છે. બોર્ડની પરીક્ષામાં ટોપ ટેનમાં દીકરીઓની સંખ્યા વધુ હોય છે. ઘરકામ કરતાં કરતાં પણ બહેનો, ભાઈઓને ઓવરટેઈક કરી ગઈ! દીકરીઓને તક આપવામાં આવે તો તે સિધ્ધિનાં ઊંચા શિખરો પર સર કરી શકે છે. તેથી પરિવાર, સમાજ અને રાષ્ટ્રને પારાવાર લાભ છે. આ હકીકત આપણે ગાંઠે બાંધવાની જરૂર છે...!

☆ **તમારી માન્યતાઓ થોપશો નહીં :** મા-બાપ એવા ભ્રમમાં હોય છે કે તેમના વિચારો, તેમની માન્યતાઓ હંમેશા સાચી હોય છે. વાસ્તવમાં તેઓ ઘણા બધા વહેંમો, અંધશ્રધ્ધા, પૂર્વગ્રહો, દોરાધાગા, ચમત્કાર વગેરેનાં શિકાર હોય છે. આપણે બાળકને સાચી રીતે વિચારતાં શીખવવું છે માટે આપણી લૌકિક માન્યતાઓ એમના પર થોપવી જોઈએ નહીં. એ તમારામાંથી આવ્યો છે, પણ તમે એમના માલિક નથી. બાળક સ્વતંત્ર રીતે અને મૌલિક રીતે વિચારતાં શીખે એ ખૂબ જરૂરી છે. આપણે આપણી માન્યતાઓ એમના પર લાદવી જોઈએ નહીં...

☆ **તમારી મહત્વકાંક્ષાઓ લાદશો નહીં :** ઘણીવાર માતા-પિતાએ મોટી મોટી આકાંક્ષાઓ સેવી હોય છે; પરંતુ તે અધૂરી રહી ગઈ હોય છે. પોતાના સપનાં સાકાર કરવામાં તેઓ નિષ્ફળ ગયાં હોય છે. આવાં મા-બાપ પોતાની અધૂરી મહત્વકાંક્ષાઓ નિર્દોષ કોમળ બાળક પર લાદતા જોવા મળે છે. યાદ રાખો : તમારું બાળક, તમારી ઈચ્છા - આકાંક્ષાઓ તૃપ્ત કરવા માટે બંધાયેલું નથી. મા-બાપની આકાંક્ષાઓના બોજ નીચે ઘણીવાર કુમળાં બાળકોનાં અરમાન કચડાતાં હોય છે. તેનો વિકાસ અટકી જાય છે. ગધેડા ઉપર પણ વહન ન કરી શકે એટલો બોજ લાદતા નથી, તો પછી આ તો માસૂમ કુમળું બાળક છે. એની ક્ષમતા અને રુચિનો વિચાર કરો, એ પ્રમાણે તેને નૈસર્ગિક રીતે વિકસવા દો...

☆ **બાળકના 'રોલ મોડલ' બનો :** આપણે બાળકને સદાચારી, નિર્વ્યસની, વિવેકી, નીતિમાન બનાવવા ઈચ્છીએ છીએ. તો શું કરીશું? ઉપદેશના ડૉઝ પીવડાવ્યા કરીશું? ના. આચાર્ય વિનોબાજી આ સંદર્ભમાં સરસ સૂત્ર આપેલ છે. **'આચરણ એ જ ઉપદેશ'**. બાળકને તમે જેવું બનાવવા માગતા હો, એવું આચરણ તમે પોતે કરો. બાળક કોરી સ્લેટ જેવું છે. એના પર જેવું લખાણ લખવા માગતા હો, તેવું વર્તન પોતે કરો.

એ તમારા વર્તનનું નિરીક્ષણ કરે છે, અને એનું અનુકરણ કરે છે. બાલ્યાવસ્થામાં જે સંસ્કારો પડે છે, તે તાજા પ્લાસ્ટર પર પડેલી છાપની જેમ અમિટ બની જાય છે. ગુટખા ખાતા પિતાજી, બાળકને સલાહ આપતા હોય છે : ''ગુટખા ખાઈશ નહીં. જો ખાધા છે તો માર મારીશ.'' આ દૃશ્ય જોઈ હસવું આવે છે. બાળક નાનું છે, તેથી પ્રતિકાર કે પ્રતિવાદ કરતું નથી, પરંતુ મનમાં બધુંજ સમજતું હોય છે. ટૂંકમાં તમે પોતે જ તમારા સંતાનની પ્રેરણાપૂર્તિ ''રોલ મોડલ'' બનો...!

☆ **બીજા સાથે સરખામણી કરશો નહીં :** તમારા બાળકની બીજાં કોઈ બાળક સાથે સરખામણી કરવાની ભૂલ કદાપિ કરશો નહીં. દરેક વ્યક્તિ અનન્ય હોય છે. અહીં પ્રથમ ત્રણ ક્રમે


**જ્યોતિ**
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**



**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**
**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.
સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).
Website : www.sargamwaterpark.com

## પાસ થયા અભિનંદન

વધુ વિગત ને ફોટા આવતા અંકે



**જુવિન વિમલેશ દંડ**
**માટુંગા – સેવક ભરૂડીયા**
M.Com (1st Class)
C.S. Executive માં **64%**



**મોનીષ મનીષા દલેશ મૈશેરી**
**નાની સિંધોડી – નાશીક**
B.E. in Mechanical Eng.
**1** Class with Distinction



**હિનલ રેવંતી ચંદ્રકાંત મુનવર**
**કોઠારા – ભુજ**
M.A. B.A.D.માં **80%**



**રિધ્ધી નિતા ભરત શાહ**
**રંગપુર – ઘાટકોપર**
C.A. (Final Exam)
માં **52.50%**



**અંબિકા જ્યોતી ભુપેન્દ્ર જૈન**
**કર્નાટક**B COM માં **74.29%**
& CA IPCC Group 1
(Intermediate) Pass



**મયંક પ્રિતિ રૂપેન ધુલ્લા**
**કોઠારા – ઘાટકોપર**
IPCC (CA Inter)
ALL INDIA **RANK 34**



**કરણ અંજના દિપક લોડાયા**
**સાંયરા – મુલુંડ**
C.A. (Final) માં **56%**

---

આવનારને ઈનામ મળ્યાં, તો શું બાકીનાઓ ઠોઠ છે? એમના કશી આવડત નથી? ના, એવું નથી. ઈનામ નથી મળ્યું એમનામાં પણ કેટલીક 'અદૃશ્ય' શક્તિઓ છે, શિક્ષકોએ એ શોધીને એનો વિકાસ કરવાનો છે. કોઈ ભણવામાં, કોઈ ચિત્રકલામાં, કોઈ સંગીતમાં તો રમતગમતમાં વિશિષ્ટ આવડત ધરાવતું હોય છે. યંત્રની જેમ બધાં બાળકો બીબાંઢાળ નથી. કેરી અને સફરજન વચ્ચે તુલના કરવાની જરૂર ખરી? બંનેમાં પોતાના આગવા ગુણો છે. એની કદર કરી એનો લાભ લેવાનો છે.

☆ **પ્રેમ કરો પણ અતિશય લાડ ન કરો :** મા-બાપ પોતાના બાળકને અતિશય લાડ કરતાં જોવામાં આવે છે. અતિશય લાડ-પ્યારને કારણે બગડી (વંઠી) ગયેલાં સંતાનોની સંખ્યા વધતી જાય છે! આજે પ્રાથમિક શાળામાં ભણતાં બાળકો પાસે સેલફોન હોય છે! દશમાં ધોરણમાં આવ્યા એટલે બાઈક તો જોઈએ જ! પછી 'ધૂમ' સ્ટાઈલથી મારફાડ બાઈક દોડાવતા નબીરાઓના પરાક્રમ આપણે પેપરમાં વાંચીએ છીએ, ટીવીમાં જોઈએ છીએ.

વધુ પડતા લાડ-પ્યારની અવળી અસર પડે છે. બાળક સ્વચ્છંદી બની જાય છે. એ એવું સમજે છે કે મમ્પી-પપ્પા હું માંગીશ તે બધું જ આપશે. બાળક જે માગે તે નહીં, પણ તેને માટે જે જરૂરી હોય તે જ આપો. ગાંધીજીએ કહ્યું છે કે ''બાળક જે માગે તે બધું જ આપવું એ બાળકને બગાડવાનો સચોટ રસ્તો છે...!'' માટે જ બાળકને પ્રેમ કરો, પણ અતિશય લાડ ન કરો જેથી પાછળથી પસ્તાવવું ન પડે...!

**– તુલસીદાસભાઈ પટેલ, ('ધરતી'માંથી સાભાર...)**

સંકલન : **ડૉ. ઠાકરશી જી મૈશેરી, આણંદ**

### ટચુકડો - કચકડો ઇ તાં, મનગમતો મોબાઈલ....!

**(ધુનિયા પોંખે મોબાઈલ....)**

*કનતેં રખીને કચકડો, સુણેમેં આય મિણીકે વડો રસ*
*ઈ-ત-મોબાઈલ, સંપર્ક-સાધન-સંબંધ રખે બહુ સરસ (૧)*
*ધુનિયા કે મુઠ્ઠીમેં સમાઈ, માડુકે કરે ગિણે પિંઢ વસ*
*અજતાં આય ઈનજી બોલબાલા, ને ખટ્ટી વ્યો ઈ જશ. (૨)*
*માડુજે ધિલમેં વસીવ્યો, ઈન વિગર માડુ થીયે નરવશ*
*પિંઢત આય ટચુકડો, પણ કમ ઈનજો વિરાટ ને 'માર્વલસ' (૩)*
*મહિલાંયેંકે પણ ખૂબ ગમે, જે ઈનકે સાચવી રખેં પિંઢજી પશ*
*વાલમ વિને કમતેં ત "કીડાં-અયો?" પૂછેલા ઈનીકે વડી ધગશ. (૪)*
*જુવાનીયા પ્રેમીકાસેં ગાલ કરેમેં, કઢીયેં મોબાઈલજો કસ*
*પ્રેમજી ગાલીયેંમેં થૈ વિને મશગુલ, તેંમેં જરાપણ ન થીયેં ટસજા મશ. (૫)*
*નિંઢે છોકરેંકે પ ખપે મોબાઈલ, જ ન મિલે ત થૈ વિને વિવસ*
*જ મિલે મોબાઈલ ત એબી રાંધુ રમી, જાણી ગિને ઈનજી નશ. (૬)*
*ફેસ-બુકતેં ભેરૂ ભનાય, હિકડે બેજા ફોટા આપલે કરીયેં સરસ*
*"વૉટ્સ-ઍપ" તેં લિખીને "ચેટિંગ" કરે, મિટાંઈયેં મિલેજી તરસ. (૭)*
*માડુજે રોજિંદે જીવનજો મોબાઈલ ત, ભનીવ્યો અગત્યજો હિસ્સો*
*વિશ્વજી વસતી કન્ના વધી વૈ તોજી વસતી, તોય આય જુસ્સો. (૮)*
*ધન્ય! ઈની ભેજેબાજે વૈજ્ઞાનિકેં કે, જેં સેટ ક્યો ઈ મઝેજો મોબાઈલ*
*દુનિયાજા માડુ હિકડે બેજે વટે થ્યા, ભલેં રોંધાવેં દૂર હજારો માઈલ. (૯)*
*ગમે તોજી ઘંટડી, જેંમેં મિઠ્ઠો આય સંગીતજો આલાપ*
*'રશ્મિન્' ચેં મન ચાહે તેર તું કરાયડીયેં, મિણીસે મિઠ્ઠો મિલાપ. (૧૦)*

# શબ્દાનંદ


| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | |
| | ■ | | ■ | ૬ | ૭ | | ■ | | ■ |
| ૮ | | ■ | ૯ | | | ■ | ૧૦ | | ૧૧ |
| ■ | ■ | ૧૨ | | ■ | ૧૩ | ૧૪ | | ■ | |
| ૧૫ | ૧૬ | | | ૧૭ | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | | ■ | ૨૦ | ૨૧ | | ૨૨ | ■ | |
| ■ | | ■ | ૨૩ | ■ | | ■ | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | ૨૭ | | ■ | ■ | ૨૮ | | | ■ |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | ૩૨ |
| ૩૩ | | | ■ | ૩૪ | | | | ■ | |

## આડી ચાવી

૧) ....બુખારા ઓવારી ગયા ❺
૪) એકાદ મોટા કામનો વ્યવસાય ❹
૬) કમોસમી વરસાદ ❸
૮) અવ્યવસ્થિત લાંબા વાળ ❷
૯) આત્મા....છે ❸
૧૦) જમીન ખોદવાનું ઓજાર ❸
૧૨) માંદા પડો તો લેવી પડે ❷
૧૩) એક જાતનું પહેરણ ❸
૧૫) જરા-મરણ વિનાનું ❺
૧૮) વિસ્તાર, પસારો ❷
૧૯) તરસ, ધોરખોદિયો ❸
૨૦) ઈતિહાસ ❹
૨૪) વીર પુરુષ ❸
૨૬) નિયમિત.....કરો ❹
૨૮) વસ્તુ, ચીજ ❸
૨૯) એક પીળી ધાતુ ❷
૩૧) લહેર, આનંદ ❷
૩૩) ઘા પર ચોપડો ❸
૩૪) અણસમજુ ❹

## ઉભી ચાવી

૧) એક આચારવાળો જનસમુદાય ❸
૨) સૂરજ ❷
૩) રોફ, દબદબો ❸
૪) આકરું, કઠણ ❷
૫) મર્મજ્ઞ, આસ્થાવાળું ❸
૭) સોના-ચાંદીની પાતળી પતરી ❸
૯) પ્રજા ❸
૧૦) એક સંખ્યા ❷
૧૧) મનને ગમતું ❺
૧૨) એક ફળ ❸
૧૪) 'અમીરી' ગોઠવો ❸
૧૫) નહીં જન્મેલું ❷
૧૬) સોનારૂપાનો તાર ❹
૧૭) આસક્ત ❷
૨૧) પાણી, જળ ❷
૨૨) છીણીને કરેલો છૂંદો ❸
૨૩) રડાકૂટ, શોક ❸
૨૫) રીત, રિવાજ ❸
૨૬) નસીબ, વિધાતા ❸
૨૭) દયા, કૃપા ❸
૨૮) ધા ❸
૩૦) કૃષ્ણ ગોપીઓ સાથે રચતા ❷
૩૨) શરાબનો પ્યાલો ❷




શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી દ્વારા સુવાવડીના સ્વાસ્થયનું ધ્યાન રાખવા તેમને કાંટરાના લાડુ અપાશે.**

શ્રી ક.દ.ઓ.મંડળ.ડોંબિવલીદ્વારા ડોંબિવલીમાં નવજાત શિશુને જન્મ આપનાર માતા માટે મંડળ તરફથી એક કીલો શુધ્ધ ઘીનાં કાંટરાના પૌષ્ટીક લાડવા બાળક જન્મની ખુશાલિ નિમિત્તે આપવામાં આવશે. બાળકના જન્મ થતા સાત દિવસની અંદર મંડળને જાણ કરવાની રહેશે. વધુ વિગત માટે મંડળના કાર્યાલયમાં સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.

**શ્રી ક.દ.ઓ.મંડળ,ડોંબિવલીની સાંસ્કૃતિક હરિફાઈઓ**

શ્રી ક.દ.ઓ.મંડળ,ડોંબિવલી દ્વારાપ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૨.૦૭.૨૦૧૫ અને તા.૧૯.૦૭.૨૦૧૫ રવિવારના બપોરે કે.બી.વીરા શાળામાં અગિયાર જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજવામાં આવેલ.આ હરિફાઈઓમાં વયગટ પ્રમાણે બાળગ્રુપ થી મોટી ઉમરના કુલ ૧૨૫ જેટલાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

વિવિધ સ્પર્ધાઓનું સૂત્ર સંચાલન ઉર્મિલા લાલકા તેમજ તમેની ટીમે (સમિતિ) એ સંભાળ્યું હતું. ગહુલી માટે ઉલકા સાવલા, મહેંદી માટે તરલાબેન જાગાણી, નિબંધ લેખન માટે પ્રીતિ પંડયા, સુંદર લેખન માટે મીના વીરા, વેસ્ટમાંથી બેસ્ટ માટે આર્ચી સાઠેએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

બીજા રવિવારે તા ૧૯.૦૭.૨૦૧૫ ના રોજ સ્પર્ધાઓ પૂર્ણ થયાં બાદ વિજેતાઓને પ્રથમ ક્રમાંક ને રૂ ૧૫૦/- નું કવર અને દ્વિતિય ક્રમાંક ને રૂ.૧૦૦/- નું કવર રોકડ રકમ એનાયત કરવામાં આવેલ. કુલ અંદાજે ૯૪ જેટલાં જ્ઞાતિજનો વિજેતા થયા હતા.

સાંસ્કૃતિક સમિતિના ચેરમેન ઉર્મિલા લાલકા તેમજ કવિતા ધુલ્લા, જિગર શિયાડ, બીના મૈશેરી, મિથુન જીવાણી એ આયોજનને સફળ બનાવવા જહેમત ઊઠાવેલ.

વિજેતા ગહુલી : એ - ભૂમિકા વિજય સોની, સ્વયંમ કેતન લોડાયા. બી - માસુમી હરીશ સાયલા, સિધ્ધી વર્ધમાન લોડાયા, સી - દીપા કેતન લોડાયા, કાજલ ધનરાજ લોડાયા, ડી - કીરણ ભરત જીવાણી, જયશ્રી કમલેશ લાપસીયા

મહેંદીમાં : બી - સિધ્ધી વર્ધમાન લોડાયા, બીના નિલેશ મૈશેરી, સી - કાજલ ધનરાજ લોડાયા, સુનીતા સુરેશ મૈશેરી

સ્મૃતિમાં : એ - જૈનમ નીતિન નાગડા, રોનક વિનીત ધરમશી, બી - પ્રિન્સ વિનિત ધરમશી, સાક્ષી વિજય મોતા, શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા (ગુજરાતી), સી - રીના જીગર શિયાલ, પૂર્વા રાયચંદ જીવાણી, ડી - જિજ્ઞા કેતન મોતા, સ્મિતા રાયચંદ જીવાણી.

સુંદરલેખન : એ - ભૂમિ કે.ખોના, ભુમિકા નિતિન પોલડીયા, બી - જક્ષિતા ધરમશી, ધારિકા જીતેન ધરમશી, સી - હીરલ રોકી લોડાયા, ઉર્વી તિલકચંદ મૈશેરી,કરિશ્મા અતુલ મોતા (Eng), કવિતા હેમંત ધુલ્લા(Eng) ડી - જયશ્રી જવેરચંદ ખોના, ભારતી દિલીપ ધુલ્લા.

નિબંધ લેખન : એ - રિયાંશી લીતેશ ખોના, રોનક વિનીત ધરમશી, બી - ભક્તિ પ્રકાશ ખોના, શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા, પ્રિન્સ વિનીત ધરમશી(Eng),સાક્ષી વિજય મોતા(Eng), સી - રીના જીગર શિયાલ, જસ્મીના લિતેશ ખોના, ડી- કલ્પના વિજય મોતા, જયશ્રી કમલેશ લાપસીયા.

ફિલ્મી અંતાક્ષરી : એ - જીલ જૈનેન્દ્ર ખોના (૧), ધારીલ જૈનેન્દ્ર ખોના(૧),ઉત્સવી હીરેન દંડ(૨), પ્રાચી પ્રફુલ દંડ(૨), બી - પ્રિન્સ વિનીત ધરમશી(૧), પ્રતિક હરીશ સાયલા(૧), સી - રીના જીગર શિયાલ, કિરણ ભરત જીવાણી(૧), કોમલ જૈનેન્દ્ર ખોના (૨), બિજલ શૈલેશ દંડ(૨), ડી - ભારતી દિલીપ ધુલ્લા(૧), કવિતા મહેન્દ્ર લાપસીયા(૧), જયોત્સના મહેશ નાગડા(૨), અરૂણા વિનોદ લાલકા(૨).

વેસ્ટમાંથી બેસ્ટ માં : એ - કુશલ દિનેશ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


તાજેતરમાં જ્ઞાતિએ સમાજજીવનના આધાર સ્થંભ એવા શ્રી પ્રેમચંદ સોનાવાલા અને શ્રી ભવાનજી નરશી છેડા જેવા બે મહારથીઓ ગુમાવ્યા. તેમને ભાવભિની શ્રધ્ધાંજલિ.

*તન-મન પરિવાર*


શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

## સમસ્ત મહાજનને ચેતનવંતી વરિષ્ઠ સંસ્થા બનાવવા સંસ્થાની મહા સમિતિ તથા ટ્રસ્ટબોર્ડ સમક્ષ મૂકવા પત્રકાર ચંદ્રસેન મોમાયાએ સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલને તા.૧૭.૦૮.૨૦૧૫ના સોંપેલા કેટલાક ઠરાવ

•**ઠરાવ નં ૧ સમસ્ત જ્ઞાતિને સ્પર્શતી બધી પ્રવૃત્તિઓ સમસ્તના નેજા હેઠળ** : સમસ્ત મહાજનની મહાસમિતિની આ સભા ઠરાવે છે કે સગપણ સેતુ-સમૂહ લગ્ન-યુવામિલન-નારી મિલન-સંપર્ક જાળવણી તથા સંવર્ધન (વસતિ પત્રક સમિતિ દ્વારા થતી વસતિ પત્રક પ્રકાશન સિવાયની) પ્રવૃત્તિ હવેથી સમસ્ત મહાજનના નેજા હેઠળ થશે.

•**ઠરાવ ૨ સમસ્તની સંપર્ક જાળવણી અને સંવર્ધન સમિતિ** : શ્રી સમસ્ત મહાજનની મહાસમિતિની આ સભા ઠરાવે છે કે સમયની આવશ્યકતા અનુસાર સમસ્ત મહાજનની એક સંપર્ક જાળવણી અને સંવર્ધન સમિતિ શ્રી કિરીટ મુનવર અને શ્રી તિલકભાઈ લોડાયાના કન્વીનર પદે રચવી. આ સમિતિની રચના જો કે આગામી સંમેલનમાં કરવી પણ પૂર્વ ભૂમિકારૂપે કન્વીનરોને યોગ્ય ચૂકવણી કરીને વસતિપત્રક સમિતિ પાસેથી સંપર્ક જાળવણી માટે મેળવાયેલ આધુનિક તંત્ર હસ્તગત કરવા તથા તેને તેની પૂર્ણ ક્ષમતાએ કામ કરતું કરવા યથાયોગ્ય કરવાની ફરજ સોંપવા સાથે સંબંધિત અધિકારો આપવાનું આ સભા ઠરાવે છે.

•**ઠરાવ ૩ વીરજી લધાભાઈ વદ્યાર્થીગૃહની વધારાની જગ્યા યોગ્ય વળતર આપી સમુદાયિક હોલ અને અતિથીગૃહ તેમજ સમસ્ત મહાજનની ઓફિસ માટે મેળવવા તથા તેમને બેંગલોરમાં હોસ્ટેલ સુવિધા ઊભી કરવા પ્રેરિત કરવા બાબત** : સમસ્ત મહાજનની મહા સમિતિની આ સભા પુરતી વિચારણા બાદ ઠરાવે છે કે મુંબઈમાં સંસ્થાના હોલ, અતિથીગૃહ તથા ઓફિસ માટે શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહની વધારાની જગ્યા ચો.ફૂટના રૂ.૫૦૦૦ના ભાવે ખરીદી લેવી તથા તે રીતે મળતા પૈસામાંથી તેમને વિદ્યાર્થીગૃહના બાંધકામનું કામ ઝડપથી પૂરું કરવા તથા આંતરરાષ્ટ્રીય વિદ્યાધામ અને આઈટી કેન્દ્ર બેંગ્લોરુમાં હોસ્ટેલ ઊભી કરવાની સાનુકુળતા કરી આપવી. ભાડૂતોને પણ કાનૂની વિવાદ લંબાવવાને બદલે ત્યાંજ સમાવી લેવાની સલાહ આપવી. આ માટે શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહના ટ્રસ્ટીઓ સાથે વાટાઘાટો કરી વ્યવહારૂ યોજના ઘડી કાઢવા સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કિરીટ લાપસીયા તથા સેક્રેટરી જનરલ ચીમન મોતાને અધિકાર આપવાનું પણ ઠરાવવામાં આવે છે.

•**ઠરાવ ૪ અનંતછાયા વિવાદના દ્વિતીય તબક્કામાં જ્ઞાતિના હિતમાં ચેરીટી કમિશ્નર સમક્ષ રજુઆત કરવી** : સમસ્ત મહાજનની મહાસમિતિની આ સભા અનંતછાયાને ઝુપડપટ્ટી જાહેર કરવાની ડેવલપરની કાર્યવાહીની સખત શબ્દોમાં નિંદા કરે છે અને તેનો વિરોધ કરવા, ભાડૂતો સહિતના કેટલાક જ્ઞાતિજનોએ ચેરીટી કમિશ્નર સમક્ષ કરેલી અરજીમાં જ્ઞાતિના ભાડૂતો, અનંતનાથજી ટ્રસ્ટ તથા જ્ઞાતિના હિત જાળવવા ઈન્ટરવીનર થવાનું ઠરાવે છે. આ માટેના સંબંધિત અધિકારો આપી સેક્રેટરી જનરલને એ બાબત વકીલની સલાહ પ્રમાણે આગળ વધવાનો અનુરોધ કરે છે.

•**ઠરાવ ૫ સમસ્ત મહાજન તથા તેના દ્વારા સંમેલન યોજી જ્ઞાતિનો શક્તિને સમ્મલિત કરી જ્ઞાતિ ઉત્કર્ષ સાધવાના પ્રયાસોને નકારનારા અને સંસ્થાની હાંસી ઉડાવનારા સમસ્તની મહાસમિતિના સભ્યો તથા ટ્રસ્ટીઓને વ્યવહારુ અને નૈતિક ધોરણે રાજીનામું આપી સમસ્ત મહાજનને ચેતનવંતુ બનાવવામાં સહયોગ આપવા અનુરોધ કરવો** : શ્રી સમસ્ત મહાજનની મહાસમિતિની આ સભા મહાસમિતિના તથા ટ્રસ્ટબોર્ડના સૌ સભ્યોને સંસ્થાને સમયોચિત અને ચેતનવંતી બનાવવા સક્રિય થવા અથવા તેમ કરવા ઈચ્છુક જ્ઞાતિજનો માટે જગ્યા ખાલી કરી આપવાનો અનુરોધ કરે છે.

•**ઠરાવ ૬ જ્ઞાતિના સમાજજીવનની ભાવિ આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી સમસ્ત મહાજનને જ્ઞાતિ મહાજનનો જ નહીં બધી સંસ્થાઓના સહભાગ અને સહમતિથી રચાયેલ ખરા અર્થમાં સર્વ સમ્મલિત તથા સમયોચિત સંસ્થા બનાવવા નવું બંધારણ અપનાવવાની દિશામાં પ્રથમ કદમરૂપે બંધારણ સમિતિની રચના કરવી** : સમસ્ત મહાજનની મહાસમિતિની આ સભા સંસ્થાનું વર્તમાન બંધારણ કેટલા પ્રમાણમાં જ્ઞાતિના સમાજ જીવનની સમયોચિત આવશ્યકતાઓ પૂરી કરે છે તેનું મૂલ્યાંકન કરવા તથા જો આ બંધારણમાં સુધારા-વધારા જરૂરી હોય તો તે સૂચવા અથવા મૂલતઃ નવું બંધારણ સૂચવવા બંધારણ સમિતિની રચના કરવાનું ઠરાવે છે તથા તેમ કરવાની સત્તા ટ્રસ્ટબોર્ડને આપે છે.

(જાxખ)


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

**શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલી દ્વારા સુવાવડીના સ્વાસ્થયનું ધ્યાન રાખવા તેમને કાંટરાના લાડુ અપાશે.**

શ્રી ક.દ.ઓ.મંડળ.ડોંબિવલીદ્વારા ડોંબિવલીમાં નવજાત શિશુને જન્મ આપનાર માતા માટે મંડળ તરફથી એક કીલો શુધ્ધ ઘીનાં કાંટરાના પૌષ્ટીક લાડવા બાળક જન્મની ખુશાલિ નિમિત્તે આપવામાં આવશે. બાળકના જન્મ થતા સાત દિવસની અંદર મંડળને જાણ કરવાની રહેશે. વધુ વિગત માટે મંડળના કાર્યાલયમાં સંપર્ક કરવા વિનંતી કરાઈ છે.

**શ્રી ક.દ.ઓ.મંડળ,ડોંબિવલીની સાંસ્કૃતિક હરિફાઈઓ**

શ્રી ક.દ.ઓ.મંડળ,ડોંબિવલી દ્વારાપ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૨.૦૭.૨૦૧૫ અને તા.૧૯.૦૭.૨૦૧૫ રવિવારના બપોરે કે.બી.વીરા શાળામાં અગિયાર જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓ યોજવામાં આવેલ.આ હરિફાઈઓમાં વયગટ પ્રમાણે બાળગ્રુપ થી મોટી ઉમરના કુલ ૧૨૫ જેટલાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.

વિવિધ સ્પર્ધાઓનું સૂત્ર સંચાલન ઉર્મિલા લાલકા તેમજ તમેની ટીમે (સમિતિ) એ સંભાળ્યું હતું. ગહુલી માટે ઉલકા સાવલા, મહેંદી માટે તરલાબેન જાગાણી, નિબંધ લેખન માટે પ્રીતિ પંડયા, સુંદર લેખન માટે મીના વીરા, વેસ્ટમાંથી બેસ્ટ માટે આર્ચી સાઠેએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

બીજા રવિવારે તા ૧૯.૦૭.૨૦૧૫ ના રોજ સ્પર્ધાઓ પૂર્ણ થયાં બાદ વિજેતાઓને પ્રથમ ક્રમાંક ને રૂ ૧૫૦/- નું કવર અને દ્વિતિય ક્રમાંક ને રૂ.૧૦૦/- નું કવર રોકડ રકમ એનાયત કરવામાં આવેલ. કુલ અંદાજે ૯૪ જેટલાં જ્ઞાતિજનો વિજેતા થયા હતા.

સાંસ્કૃતિક સમિતિના ચેરમેન ઉર્મિલા લાલકા તેમજ કવિતા ધુલ્લા, જિગર શિયાડ, બીના મૈશેરી, મિથુન જીવાણી એ આયોજનને સફળ બનાવવા જહેમત ઊઠાવેલ.

વિજેતા ગહુલી : એ - ભૂમિકા વિજય સોની, સ્વયંમ કેતન લોડાયા. બી - માસુમી હરીશ સાયલા, સિધ્ધી વર્ધમાન લોડાયા, સી - દીપા કેતન લોડાયા, કાજલ ધનરાજ લોડાયા, ડી - કીરણ ભરત જીવાણી, જયશ્રી કમલેશ લાપસીયા

મહેંદીમાં : બી - સિધ્ધી વર્ધમાન લોડાયા, બીના નિલેશ મૈશેરી, સી - કાજલ ધનરાજ લોડાયા, સુનીતા સુરેશ મૈશેરી

સ્મૃતિમાં : એ - જૈનમ નીતિન નાગડા, રોનક વિનીત ધરમશી, બી - પ્રિન્સ વિનિત ધરમશી, સાક્ષી વિજય મોતા, શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા (ગુજરાતી), સી - રીના જીગર શિયાલ, પૂર્વા રાયચંદ જીવાણી, ડી - જિજ્ઞા કેતન મોતા, સ્મિતા રાયચંદ જીવાણી.



સુંદરલેખન : એ - ભૂમિ કે.ખોના, ભુમિકા નિતિન પોલડીયા, બી - જક્ષિતા ધરમશી, ધારિકા જીતેન ધરમશી, સી - હીરલ રોકી લોડાયા, ઉર્વી તિલકચંદ મૈશેરી,કરિશ્મા અતુલ મોતા (Eng), કવિતા હેમંત ધુલ્લા(Eng) ડી - જયશ્રી જવેરચંદ ખોના, ભારતી દિલીપ ધુલ્લા.

નિબંધ લેખન : એ - રિયાંશી લીતેશ ખોના, રોનક વિનીત ધરમશી, બી - ભક્તિ પ્રકાશ ખોના, શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા, પ્રિન્સ વિનીત ધરમશી(Eng),સાક્ષી વિજય મોતા(Eng), સી - રીના જીગર શિયાલ, જસ્મીના લિતેશ ખોના, ડી- કલ્પના વિજય મોતા, જયશ્રી કમલેશ લાપસીયા.

ફિલ્મી અંતાક્ષરી : એ - જીલ જૈનેન્દ્ર ખોના (૧), ધારીલ જૈનેન્દ્ર ખોના(૧),ઉત્સવી હીરેન દંડ(૨), પ્રાચી પ્રફુલ દંડ(૨), બી - પ્રિન્સ વિનીત ધરમશી(૧), પ્રતિક હરીશ સાયલા(૧), સી - રીના જીગર શિયાલ, કિરણ ભરત જીવાણી(૧), કોમલ જૈનેન્દ્ર ખોના (૨), બિજલ શૈલેશ દંડ(૨), ડી - ભારતી દિલીપ ધુલ્લા(૧), કવિતા મહેન્દ્ર લાપસીયા(૧), જયોત્સના મહેશ નાગડા(૨), અરૂણા વિનોદ લાલકા(૨).

વેસ્ટમાંથી બેસ્ટ માં : એ - કુશલ દિનેશ પોલડીયા, આદિ સચીન દંડ, બી - સાક્ષી વિજય મોતા, માસુમી હરીશ સાયલા, સી - કાજલ ધનરાજ લોડાયા, ઉર્વિ તિલકચંદ મૈશેરી, ડી - જયશ્રી કમલેશ લાપસીયા, જિજ્ઞા કેતન મોતા.

સાંસ્કૃતિક હરિફાઈમાં વિજેતા, પ્રશ્ન મંચ : એ - નિધિ બંકીમ દંડ, ઝીલ જૈનેન્દ્ર ખોના, બી-ધારિકા જીતેન ધરમશી, હર્ષ રતીલાલ નાગડા, સી - ઉર્વિ તિલકચંદ મૈશેરી, જસ્મીન લિતેશ ખોના, ડી - ઉર્મિલા સતીશ દંડ, વિમલા દેવેન્દ્ર ખોના, શબ્દ રમત : એ - શ્રધ્ધા રાજેન્દ્ર લોડાયા, ભાવિન દિલીપ લોડાયા, બી - સાક્ષી વિજય મોતા, શુભમ લાપસીયા, સી - દીપા કેતન લોડાયા, કાજલ ધનરાજ લોડાયા, ડી - જયશ્રી કમલેશ લાપસીયા,

**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

## કે.ડી.ઓ.કલાસિક દ્વારા વિશાલ પંડિતના પ્રવચનનું આયોજન




કે.ડી.ઓ.કલાસિકે રવિવાર તા.૦૯.૦૮.૧૫ ના શ્રીમતી પ્રેમિલાબેન દંડ રોટરી સર્વિસ સેન્ટર રાજાવાડી, ઘાટકોપર ખાતે પંડિત વિશાલ ધરમશીનું જૈન ધર્મનું મૂલ્ય કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. પંડિત વિશાલ ધરમશીએ ગહન વિષયની સરળ-સચોટ રજુઆત કરી હતી. આવકાર વિધિ પ્રમુખ શ્રી હિરાચંદ દંડ અને આભારવિધિ શ્રી ચેતન શાહે કરી હતી. સંચાલન શ્રી મિનલ ખોનાએ કર્યુ હતું. આયોજનને સફળ બનાવવા શ્રી અશોક મોતા શ્રીમતી ચંદ્રિકા લોડાયા અને શ્રીમતી સરસ્વતી લાપસીયાએ જહેમત લીધી હતી.

## તિરૂપુર રેલ્વે સ્ટેશન પર ભોજન પાણીની સવલત

ચાર્તુમાસ દરમ્યાન કોચીન તરફ જતા તીરૂપુર થી પસાર થતાં કોઈને પણ ગરમપાણી, નવકારશી તથા બપોરનું જમવાનું તથા ચૌવિહારની જરૂરત હોય અથવા કોઈપણ જાતની જરૂરત હોય તો તિરૂપુર (તામિલનાડુ) સ્ટેશને કોઈપણ ચાર્જીસ વિના પહોંચાડવામાં આવશે. અત્યારે કોચીનમાં પુજ્ય મુનિશ્રી ધર્મપ્રભાસાગર આદિ ત્રણ ઠાણાનું ચાતુર્માસ છે તો તેમને વંદન કરવા જતાં આવતાં શ્રાવકોને સેવાનો લાભ લેવા સતિશ હંસરાજ નાગડાએ વિનંતી કરી છે : સરનામું ૫, મહાવીર કોલોની, ૪, સભાપતિ પુરમ્, તીરૂપુર (તામિલનાડુ)
Phone : 0421-2201725, Mobile : 09486112490/08148143561,
Whats App : 09486112490, Email : raninagda@yahoo.co.in

## ભાડુંપમાં ચાતુર્માસિક સમાચાર

મા.સાધ્વીશ્રી જિનાવરગુણાશ્રીજી મ.સા.અ.સુ.૧૪,૧૫ ના ચોમાસી છઠ્ઠ ઉપર વ્યાખ્યાન તથા કથાએ સમજ આપી તપસ્યા કરવા અનુરોધ કરતાં તપસ્યા થઈ.

અ.વ.બીજના પૂ. ગુરૂભગવંતોને ધર્મરત્ન પ્રકરણ સૂત્ર તથા વીરભાણ ઉદયભાણ ચરિત્ર લાભાર્થી પરિવારોએ વહોરાવતાં પાંચ જ્ઞાનનું પૂજન ૐ હ્રીં નમોનાણસ્સના મંત્રોચ્ચારે ભાવથી થતાં નિત્ય વ્યાખ્યાન વંચાય છે.

શત્રુંજ્ય ગીરીરાજના પહાડ ઉપરથી લાવેલી શીલાઓનું શીલાન્યાસ સાથે ૯૯ ની ભાવ યાત્રાએ રંગમંડપમાં શાંતીનાથ દાદા રાયણ પગલા અને પુંડરીક સ્વામીની ભાવો ઉલ્લશે પ્રતિષ્ઠા થઈ. સામુદાયિક ભાવપાત્રાએ ૫૦ થી વધુ યાત્રીકો જોડાયા છે.

વિવિધ દાતાઓએ ૩૩ દિવસના એકાસણાં કરાવવાનો લાભ લેતાં શ્રી સંઘના રસોડે ઉચ્ચિત વ્યવસ્થાએ ૬૦ જણ લાભ આપે છે.

બાળકોની શિબિરે પૂ.સા.શ્રી વંદનગુણા શ્રીજી મ.સા.અને સાથે સાથે ગુણાશ્રીજી મનભાવન દિલચશ્પીથી ધર્મ શિક્ષણ આપે છે.

રવિવારના ગુરૂભગવંતોની નિશ્રામાં પાલીતાણાથી મંગાવેલ શેત્રુંજીના જલે. દાદા આદીનાથદાદાના જલાભિષેકનો લાભ તપસ્વીઓ એ લેતા અનંતમિત્ર મંડળના ફાલ્ગુન ખોનાએ રંગ જમાવ્યો. સૌએ સાથ આપ્યો પૂર્ણાહુતીએ શ્રી સંઘ તરફથી સ્વામિભક્તિએ કાર્યક્રમ સંપન્ન રહ્યો.

સાંજના પ્રતિક્રમણમાં ૩૫ જણ જોડાયા છે. જિનાલયને શણગારે સજાયો છે. શત્રુંજય તીરથની મીની રચના દર્શનપ્રીય રચાઈ હોઈ એકવાર દર્શન કરવા પધારશોજી.

સા. શ્રી વંદનગુણાશ્રીજી મ.સા.(જખૌ)એ વ્યાખ્યાને સૌને આકર્ષયા છે. દર ગુરૂવારે એક કલાક મહિલા મંડળોની જનેન્દ્ર ભક્તિએ રંગમંડપ ગુંજે ભરાય છે. મોબાઈલ મેન.મનોજભાઈ લોડાયા હર કાર્ય વોટ્સ અપ દ્વારા અંકીત કરી સૌને વાકેફ કરે છે.

## અબડાસાનાં નાના ગામડાઓનાં જિનાલયોનાં દર્શન કરાવાયા

શ્રી કોઠારા જૈન પાઠશાળાનાં ભાઈ-બહેનો માટે દાતાશ્રી માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર હસ્તે હરીશભાઈ મુનવર ગામ કોઠારા હાલે અમદાવાદનાં સહયોગથી યાત્રા-દર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

જેમાં સુજાપર,નલીયા, જશાપર, જખૌ, લાલા, રાણપર, મોટી સિંધોડી, પરજાઉ, વાંકુ, વારાપધર, રાપરગઢવારી, આરીખાણા ગામોનાં જિનાલયોની યાત્રા-દર્શન કરાવવામાં આવેલ. પિંગલેશ્વર મહાદેવનાં દર્શન બાદ દરિયાકિનારાની પણ યાત્રિકોએ મુલાકાત લીધી હતી. સંપૂર્ણ વ્યવસ્થા કોઠારા જૈન પાઠશાળાનાં શિક્ષીકાબેન કુ.તોરલબેને સંભાળેલ. દરેકનો સાથ અને સહકાર મળ્યો. દાતા પરિવારની અનુમોદના કરવામાં આવેલ.

## સાંધવ ગામે પર્વની આરાધના

સાંધવ ગામે પર્વની આરાધના કરાવવા પ.પૂ.મ.સા. પધારશે ૧૦ દિવસે માટે ૧૫૦ ટીકીટો આવી ગયેલ છે હજી પર્વની આરાધના કરવા ઈચ્છા હોય તો જરૂર પધારશોજી, જાણ કરવા વિનંતી.

**નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **શિલ્પા કિરીટ દંડ** | અન્નપુર્ણા -આરતી, ૨/૧૯, દિનદયાલ રોડ, સમ્રાટ હોટલની આગળ, ડોંબિવલી (વે) મુંબઈ - ૪૨૧ ૨૦૨ મો. 9967341367/ હેમાંશી : 8286709790 |
| **ભાવેશ નરેન્દ્ર દંડ** | ૩/૩૫, સરસ્વતી બિલ્ડીંગ, ડૉ.એસ.એમ.રાવ રોડ, લાલબાગ (પૂ) મુંબઈ - ૪૦૦ ૦૧૨ મો. 9892969176/ બીનલ :9967449345 |
| **સાવન ગૌતમ મોમાયા** | સત્યમ્ સોસાયટી, ફ્લેટ નં ૯, બી-વિંગ, બિલ્ડીંગ નં ૧૬૧, ગારોડીયા નગર, યુનિયન બેંક લેન,ઘાટકોપર (પૂ) મુંબઈ - ૪૦૦ ૦૭૭ |
| **નયન રતિલાલ મૈશેરી** | સી/૧૬, ચંદન બાલા અપાર્ટમેન્ટ, ૧૧૬૧-મુરાર રોડ, મુલુંડ (પ) મુંબઈ - ૪૦૦ ૦૮૦ મો. 098330 99055 |
| **મુકુંદ ઉમરશી મોમાયા** | પ્લોટ નં ૧૦૦૭, ફ્લેટ નં.૧૦૫, વરદ વિનાયક સો. સેક્ટર.૩૬, પોદાર ઈન્ટરનેશલ સ્કુલની નજીક, સી-વુડ, નેરૂલ(પ) નવી મુંબઈ - ૪૦૦ ૭૦૬ મો. 089764 73435 |
| **નિતલ ઉત્તમ કલ્યાણજી ખોના** | ૪૦૩, શંખેશ્વર ટૉવર, સુધા પાર્ક, શાંતિ નગર, ઘાટકોપર (પૂ) (ઈસ્ટન એક્સપ્રેસ હાઈવે) મુંબઈ - ૪૦૦ ૦૭૭ મો. 077381 55571 (ભૂલ સુધાર અંક -૩૦) |
| **કિરણ એલ.પટેલ(મૈશેરી)** | ફ્લેટ નં ૬-એ, સ્ટાર આવાસ, બી.ઓ.આય.બિલ્ડીંગ, માલી કોલોની, ભીમા સ્વીમીંગ ટેંકની નજીક, તકાલા, કોલ્હાપુર - ૪૧૬ ૦૦૮, મહારાષ્ટ્ર મો. 9819331099 / 8888126600 |
| **હિરજી પાશ્વીર દંડ** | ૬-સી, કોર્નિશ કાસ્ટલ, ગેલેક્સી ફ્લેટસ, કેરલા રોડવેઝની સામે, આર.સી.રોડ, કલીકટ - ૬૭૩ ૦૩૨ (કેરલા)ફોન : 09497075497/07736392252/0495-2361797 |
| **કેતુલ હીરાલાલ લોડાયા** | એ-૧૧૪૦, ૧૧મે માળે, સ્ટેલર, મહાવીર યુનિવર્સ, ૧૦૭, એલ.બી.એસ.માર્ગ, ભાડુંપ (પ) મુંબઈ - ૪૦૦ ૦૭૮ |
| **નીતીન કેશવજી ધરમશી** | ૩૦૧, ગજાનન નિવાસ, કોપરક્રોસ રોડ, સંતોષી માતા મંદીર લેનના સામે, ડોંબિવલી (પ) મો. 09821044042 / અંકિત : 09664199344 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩.૧૧.૧૪ | ડોંબિવલી | સુમિત-દમયંતિ ઉપેશ કુરૂવા | ગોંધરા | પુત્ર |
| ૦૬.૦૫.૧૫ | ભાડુંપ | નેહાન-કોમલ/કેતુલ હીરાલાલ લોડાયા | સાંધવ | પુત્ર |
| ૦૬.૦૬.૧૫ | ઘાટકોપર | જીઆન-કાર્તિકા/નિતલ ઉત્તમ ખોના(ભુલ સુધાર) | કોઠારા | પુત્ર |
| ૧૮.૦૬.૧૫ | વડોદરા | કૈવન્ય-ભક્તિ/પિયુષ ધનપતિ ખોના | જખૌ | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૮.૧૫ | ડોંબિવલી | ધીરેન દિનેશ કેશવજી લોડાયા | વારાપધર૨૫ | |
| | ભાડુંપ | રિધ્ધિ પ્રફુલ દેવજી નાગડા | રાપરગઢ | ૨૫ |

### આંતર જ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦.૦૮.૧૫ | કાંદિવલી | હરેશ શરદચંદ્ર રતનશી લોડયા | મોટી ખાવડી | ૨૯ |
| | મલાડ | અર્ચના શિવપૂજન દેવનાથ પેબારૂ | જામનગર૨૫ | |
| ૨૦.૦૮.૧૫ | મુલુંડ | નીખીલ રાજકુમાર લખમશી નાગડા | જખૌ | ૨૪ |
| | મુલુંડ | ભૂમી હર્ષદ ભગવાનજી જોબનપુત્રા | રાજકોટ | ૨૪ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૬.૧૫ | વાશી | કિનાંત મણીકાંત દંડ | સેવક ભરૂડીયા | ૩૨ |
| | મુલુંડ | અલ્પા શાંતિલાલ લોડાયા | સાયરા | ૨૮ |


### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૦૬.૧૫ | માધાપર | લોકેશ તારાચંદ વિશનજી લોડાયા | સુથરી | ૨૭ |
| | માધાપર | ભાવિકા મહેશ સોલંકી | નખત્રાણા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭.૦૭.૧૫ | રંગપુર | ગુણવંતીબેન જયંતિલાલ દંડ | ધ્રાફા | ૭૬ |
| ૧૪.૦૮.૧૫ | બરોડા | દમયંતીબેન પ્રફૂલ શામજી લોડાયા | તેરા | ૫૮ |
| ૧૫.૦૮.૧૫ | અમલનેર | દેવીકા સોમચંદ લાલકા | વારાપધર૭૫ | |
| ૧૫.૦૮.૧૫ | મુલુંડ | જેઠાલાલ નરશી છેડા | વડાલા | - |
| ૧૭.૦૮.૧૫ | કલ્યાણ | લલીતકુમાર જોબનપુત્રા | - | ૭૮ |
| ૧૭.૦૮.૧૫ | ડોંબિવલી | ગંગાબાઈ ભવાનજી લોડાયા | સાંયરા | ૮૧ |
| ૧૮.૦૮.૧૫ | નેપીયનસી રોડ | હેમલતાબેન ખીમજી નરશી મોતા | સુથરી | ૭૫ |
| ૧૯.૦૮.૧૫ | વડાલા | ઉમરશી શામજી શીવજી મેપાણી(નાગડા) | પરજાઉ | ૮૪ |
| ૧૯.૦૮.૧૫ | થાણે | શોભાબેન કાંતીલાલ લખમશી ધુલ્લા | કોઠારા | ૭૧ |

# શ્રદ્ધાંજલિ



૩-૪-૧૯૩૯

૨-૮-૨૦૧૫

## શ્રી પ્રેમચંદભાઈ મુલજી સોનાવાલા

ગામ: નલીયા - હાલે માટુંગા

પ્રેમાળ જેમની મુરત, ને સ્નેહ ભરેલ નયન
ધર્મ તણી શ્રધ્ધા જેમની બળવાન, સૌ જીવો પ્રત્યે કરૂણાવાન
સંબંધોની ગરિમા સાચવનાર, ખરા તમો ગુણો તણા ધનવાન
ભૂલ્યો ના ભૂલાય એવો આપનો આત્મિય સંગાથ
કેમ કરી મન ન માને, હવે નથી રહ્યો આપનો સાથ
ડગલે ને પગલે આવશે આપની સ્નેહભરી યાદ
હે પ્રભુ આપને અમે શું કરીએ ફરીયાદ...
આપનો દિવ્ય આત્મા પરમ પદને પામે એજ પ્રભુ ને પ્રાર્થના

## મણીકાંત મેઘજી મોમાયા પરિવાર

હૈદરાબાદ

Gaurav
CATERERS
Where quality counts...


C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રદ્ધાંજલી

## શેઠશ્રી ભવાનજી નરસી ભોજરાજ છેડા

સુથરી - કચ્છ, જુહુ - મુંબઈ

(૦૨ ફેબ્રુઆરી ૧૯૨૪ - ૧૦, ઓગષ્ટ ૨૦૧૫)



પ્રેમાળ છે જેની મુરત ને સ્નેહ ભરેલ છે નયન,
ધર્મ તણી શ્રધ્ધા જેની બળવાન, સૌ જીવો પ્રત્યે કરૂણાવાન,
સંબંધોની ગરિમા સાચવનાર, ખરા તમે ગુણો તણા ધનવાન,
ભૂલ્યો ના ભૂલાય એવો આપનો આત્મીય સંગાથ,
કેમ કરી મન ન માને હવે નથી રહ્યો આપનો સાથ,
ડગલે ને પગલે આવશે આપની મધુર યાદ,
હે પ્રભુ ! આપને અમે શું કરીએ ફરિયાદ ?

**આપ પાસે આવેલ આત્માને નતમસ્તકે અંજલી...**
**મોક્ષધામી પામે પરમ શાંતિ એજ શ્રદ્ધાંજલી...**

શોકાતુર

**માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર**

**કલ્યાણજી નરસી ભોજરાજ છેડા**

અનુપમા - ચિત્તુ નરસી | બીના - હીરેન નરસી
અંકિતા - કુણાલ નરસી | હંસ ભાવનજી ખીમજી

જયા - નીરેન નાગડા | ભાવના - જયંત મેપાણી | વીણા - પ્રવિણ દંડ | કાનન - પ્રણીત નાહેટા
હંસા - ભરત શાહ | નીરૂ - અરૂણ સહસ્રબુધ્ધે | અમ્રિતા - અમિત સહસ્રબુધ્ધે | ખ્યાતિ - સાગર જોશી

બહેન : પૂ. રતનબાઈ ભાણજી ખીમજી, પૂ. ઝમકુબાઈ હંસરાજ મોમાયા

**નરસી કોટન ગ્રુપ**

Email : info@narseycotton.com

## ઋણ સ્વીકાર

આપ સૌ નામી-અનામી સ્વજનો, સ્નેહીજનો, આત્મીયજનો અમારા દુઃખમાં સહભાગી થઈને અંતિમયાત્રા, આત્મશ્રેયાર્થે રાખેલ ભક્તિ પ્રાર્થના સભામાં આપનો અમૂલ્ય સમય ફાળવી અમારી સાથે રહ્યા. આપ સૌનો ખરા દિલથી ઋણ સ્વીકાર કરી અંતઃકરણપૂર્વક આભારની અભિવ્યક્તિ કરીએ છીએ. વિશેષ આભાર પૂ. ગુરૂભગવંતોનો જેમણે શોક સંદેશાઓ પાઠવી અમને સાંત્વના આપી. વિવિધ સંસ્થાઓ, સમાજરત્નો, પરિવારજનો, મિત્રો, હેતુસંતોષીઓ, ગામાઈ ભાઈ-બહેનો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શ્રદ્ધાંજલી અર્પણ કરનાર તેમજ ફોન, ફેક્સ, ફેસબુક, SMS, ઈ મેલ દ્વારા અમને સાંત્વના પાઠવનાર સૌનો અંતઃકરણપૂર્વક આભાર....

BINITA SATISH MARU : 98690 34162

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,